
# જ્યોતિપુંજ

## JYOTI PUNJ

Price Rs. 1/-
R.N.I. No. : 11555 / 1966
Vol No. 66 - Issue No. 9
December - 2021
Total : 40 Pages





legrand®

LIVE THE ADVANTAGE

AUTHORISED DISTRIBUTOR STOCKIST

matchwell ELECTRIC COMPANY

COMPLETE PRODUCT RANGE – DEPENDABLE HOUSE

WHY LEGRAND AT MATCHWELL

INQUIRE TURNOVER SCHEME & DISCOUNT POLICY.
ELECTRICIAN INSURANCE SCHEME & WARRANTY POLICY

legrand® Product Brands

| | |
|---|---|
| ARTEOR™ | DRX™ MCCB |
| MYRIUS™ | DX³ MCB |
| MYLINC™ | DLP - LCS² |
| BRITZY | LYNCUS™ |
| RX³ MCB-RCCB | EKINOXE™ DB |
| DPX³ MCCB | RETAIL DB |

Why 1st Choice ?

* Energy Distribution upto 6300A
* Voice Data Images
* World leader in wiring Devices and Cable Management
* Product Design – A lever in differentiation-Continuation Innovation
* Control and Command
* Active International Presence.

AVAILABLE UNDER ONE ROOF - matchwell legrand®

MATCHWELL ELECTRIC COMPANY

HINDUSTAN TAPEX COMPANY

ADMINISTATIVE SHOP : Gr. Floor, 'C' BHANGWADI, KALBADEVI ROAD, MUMBAI - 400 002.
PHONE : 66336766/ 22080067/ 22063916. TALLKFREE :- 022-39567272 /373
E-mail : matchwellelectric@gmail.com / finematch@hotmail.com

DISPLAY SHOWROOM : Shop-8, Muljijetha CHS Ltd. 191-Princess street, Marine Lines (E), MUMBAI – 400 002
PHONE : 022-39567627/ 022-49764924/ Kirit Dharia - 9820088069, (PRATIMA - 9820152644).
E-mail : tapesindustrial@yahoo.co.in ; Web www.matchwellelectric.com
SANJIV DHARIA – 8850964343/9820131333, (PARUL - 9320331333).

legrand® BCH LUKER (J.V. LUKER - USA) steelgrip

Pidilite WD-40 m-seal® KERAKOLL ADHESIVES WONDER TAPES

# જ્યોતિ પુંજ


| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૫ | ૯ | ૨૧-૧૨-૨૦૨૧ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

**બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી) (જુનાગઢવાળા)**

**જતીન દેસાઈ / પ્રશાંત પરીખ**

**તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ**

**નિલેશ દેસાઈ**

પત્રવ્યવહારનું સરનામું

**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**

ડાયમંડ ઈલેકટ્રીક કંપની, ઈ/૨૧ બી,

નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી

કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.

**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

DDD

**મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)**

**એ. કે. એન્ટરપ્રાઈઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,

ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨

ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

DDD

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

DDD

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

Visit us at www.balasinor.org




## આપણાં વન્યજીવો

**તંત્રી સ્થાનેથી**

- **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

પૃથ્વી પર અંદાજે ૧૭.૫ લાખ નોંધાયેલા જીવ-જંતુ, વનસ્પતિઓમાં સસ્તન પ્રાણીઓની સંખ્યા ઘણી જ ઓછી છે. વિશ્વના મોટાભાગના રક્ષિત વિસ્તારોમાં સસ્તન પ્રાણીઓનું સંરક્ષણ વન વ્યવસ્થાપનમાં કેન્દ્ર સ્થાને છે. પૃથ્થકરણ પ્રમાણે હાલમાં દુનિયામાં ૧૧૮૮ વર્ગ અને ૧૫૩ કુળમાં વહેંચાયેલા ૪૮૬૩ જાતિઓના સસ્તન પ્રાણીઓ છે.

આશરે ૧૫૦ લાખ વર્ષ પહેલાં સસ્તન પ્રાણીઓની ઉત્પત્તિ થઈ હતી. મોટાભાગના સસ્તન પ્રાણીઓની ઉત્પત્તિ ડાયનોસોરના વિલુપ્ત થયા પછી થયેલ છે. સસ્તન પ્રાણીઓનું કદ, વજન, આયુષ્ય અને અન્ય ખાસિયતોની દ્રષ્ટિએ જોતાં તેમાં ખૂબ જ વિવિધતા છે. સૌથી નાના સસ્તન પ્રાણી 'હોગનોઝડ્ બેટ' ચામાચિડીયાનું વજન કેવળ ૧.૫ ગ્રામ છે. જ્યારે બ્લ્યુ વ્હેલ પ્રાણીનું વજન ૧૫૦ ટન કરતા વધુ છે. આ તમામ પ્રાણીઓમાં વરૂ (Wolf) સૌથી વધુ ભ્રમણ કરે છે. કેટલીક વખત અંદાજે ૧૦૦૦ ચો.કિ.મી. જેટલું ભ્રમણ કરે છે. જ્યારે બીજી બાજુ 'નેકેડ મોલ રેટ' કદાપિ તેનું ઘર (દર) છોડયા વગર સમગ્ર જિંદગી તેમાં વ્યતિત કરે છે. આ ઉંદર એક સાથે ૨૮ જેટલા બચ્ચાંને જન્મ આપે છે. આયુષ્યની દ્રષ્ટિએ જોઈએ તો મનુષ્ય ૧૦૦ વર્ષ કે તેથી વધુ અને હાથી ૬૫ થી ૮૦ વર્ષ જીવે છે. જ્યારે કથ્થઈ એન્ટેચીનસ તેના એક માત્ર પ્રથમ બચ્ચાંને જન્મ આપી પાલન કર્યા પહેલાં મૃત્યુ પામતા હોવાથી કદાપિ બીજી ૠતુ જોવા પામતું નથી.

ભારતમાં સસ્તન પ્રાણીઓની ૪૧૦ જાતિઓ છે. જે વિશ્વના સસ્તન પ્રાણીઓની જાતિના ૮.૬ %

Mr. BHARAT K. DOSHI
98210 27136

I.S.W.P.
BHS
ISWP

# BINITA HARDWARE STORES

Stockiest of :

M.S. / S.S. / HIGH TENSILE BOLT- NUTS, WASHERS, RIVETS, WIRE NAILS, ANCHOR FASTENERS, ALLEN BOLTS, "U" BOLTS ETC.

Shop No. 1, Gr. Floor, 3 - Narayan Dhuru X Lane, Mumbai - 400 003.
Tel. :2311 2115 / 2344 9280, Telefax :2345 1580
E-mail: nagdevi.mumbai@novatek.net.in

Mr. PRANAV B. DOSHI
98210 28730

ne²

# Novatek Electro Engineers Pvt. Ltd.

*"Leads you to The Quality Era"*

**National Distributors For Schneider Electric India P. Ltd.**

Schneider Electric

H.O. (Mumbai) :
306, Prathamesh Tower , B-Wing , Senapati Bapat Marg , Lower Parel , Mumbai - 400 013.
Tel. : (+91-22) 2491 2634 / 35 / 2494 2080 Fax : (+91-22) 2491 2635
E-mail : sales.mumbai@novatek.net.in / operations.mumbai@novatek.net.in

BHIWANDI :
AU-6-7, Rajlaxmi Commercial Complex , At Post Kalher , Bhiwandi, Dist. Thane - 421 302.

**BRANCHES :**
**Bangalore | Chennai | Gurgaon | Hyderabad | Kolkata**

Merlin Gerin
Square D
Telemecanique
CONZERV® Smart Energy Management
MEHER
LEIPOLD
CLIPSAL®
DIGILINK®
APC® by Schneider Electric
LAPPGROUP

**An ISO 9001 : 2008 Certified**

**www.novatek.net.in**

જેટલી છે. એક સર્વેક્ષણ મુજબ સસ્તન પ્રાણીઓની ૧૨૪ જાતોનું અસ્તિત્વ જોખમમાં (ભયમાં, સંક્રમણમાં, ભયની નજીક) છે. ગુજરાતમાં સસ્તન પ્રાણીઓની વિવિધતા વધુ છે. ૧૦૭ જેટલી જાતો ગુજરાતમાં નોંધાયેલ છે. નિવાસસ્થાનોના નાશથી અને અન્ય પરિબળોને કારણે કેટલીક જાતો જેવી કે હાથી, ગૌર, ચિત્તા, વાઘ, ભારતીય જંગલી કુતરો (ધોલ) અને ડાંગની મોટી ખીસકોલી રાજ્યમાંથી વિલુપ્ત થઈ ચૂક્યા છે, અને અસ્તિતિવ ધરાવતી ઘણી જાતો સંકટમાં જીવી રહેલ છે. ભારતમાં જે મુખ્ત સસ્તન પ્રાણીઓ જોવા મળે છે તેમાંના બે અર્થાત્ એશિયાટીક સિંહ અને ભારતીય ઘુડખર વિશ્વમાં એકમાત્ર ગુજરાતમાં જોવા મળે છે. સંખ્યાની દ્રષ્ટિએ જોતાં એશિયાઈ સિંહ, જંગલી ગધેડું, કાળિયાર અને નીલગાયની વસ્તી અહીં વધુમાં વધુ છે. તેમજ ડુગોંગ, ડોલ્ફિન, પોરપોઈઝ અને વ્હેલની અલગ અલગ જાત અહીં જોવા મળે છે.

અલગ-અલગ પ્રાણીઓની અલગ અલગ વર્તણૂંક, આદતો, રહેવાના સ્થળ, બીજી અપાર વિવિધતા જોવા મળે છે.

**લંગૂર (વાંદરા)** આછું જંગલ તથા માનવવસ્તી નજીક, ઝાડીવાળો વિસ્તાર, અન્ય વિસ્તારો જેમાં નગર અને શહેરોનો સમાવેશ થાય છે. લંગૂર ૧૦ થી ૨૦ ના ટોળામાં રહે છે. જેમાં મોટો નર વાંદરો સરદાર તરીકે વર્તે છે. સવાર અને સાંજને સમયે ખોરાક માટે સક્રિય રહે છે. બપોરના સમયે ઝાડ પર આરામ કરતાં હોય છે. ફળ આવેલાં વૃક્ષો પર દેખાવાની વધુ શક્યતા રહે છે. એક ઝાડ પરથી બીજા ઝાડ પર કૂદતાં હૂપ-હૂપ અવાજ કરે છે તથા ખતરો જોઈને સતત ચિચિયારીઓ કરતાં હોય છે. જમીન પર લાંબો સમય બેસતાં નથી. મોટા ભાગનો ખોરાક વૃક્ષો પરથી મેળવે છે. તે માણસના પાક અને

Dent Villa
The Complete Family Dental Care

**Dr. Shikha Dharia**
**B.D.S**

**Treatments we offer are:**

- A complete dental consultation with digital x-ray.
- Complete prophylaxis (clean up) and gum care.
- Restoring of compromised tooth with fillings, root canal, crown and bridges, extraction, implants, dentures.
- Smile designing and esthetics.
- Complete prophylaxis for children.
- Dental Jewellary / Sport guard and snore guard / Silensor.

**Address:**
9/10, Ground Floor, Keshavji Vallabhji Building, Opp. Geeta Building,
Pandita Ramabai Marg, Gamdevi, Grant Road (W), Mumbai: - 400 007.
**Contact: 8879088330**
Timings: 10.00am to 8.00 pm Monday to Saturday


KIRLOSKAR GREEN
IMPALA
Sintex
penta
HONDA
Captain
PREMIUM
Falcon
Einhell
SHAKTI
ESPA
BOSCH
HAVELLS
Roth Wolf
C.R.I. PUMPS
USHA
• Pumps • Motors • Generators • Engines
• Gear Boxes • High Pressure Cleaners
• Garage Equipments • Workshop Machinery
• Construction Machinery • Power Tools
• Blowers • Material Handling • Tanks • Fans
nipa®
nipa commercial corporation
Plot No. 105/24, Sector 23, Janata Market Turbhe, Navi Mumbai - 400 705. INDIA. TEL.: 91 22 27832099 Fax: 27832063 Cell: 09820130161
Tel.: 41517474 (30 Lines) Fax.: 41517471 / 72 Email: info@nipa.asia Cell: 09820130161
Branches at : ANDHERI & KALBADEVI

વાડીઓ-ખેતરને નુકશાન પણ પહોંચાડે છે. લંગૂરનો મોટો દુશ્મન દીપડો છે.

**વાઘ ભારતનું રાષ્ટ્રીય પ્રાણી છે.** તે રહેણાંક તરીકે ખોરાક માટેના પ્રાણીઓ, સંતાવા માટે જંગલ અને પીવા માટે પાણી હોય તેવી જગ્યાઓ પસંદ કરે છે. ભારતમાં વાઘ ૧૭ રાજ્યોમાં જોવા મળે છે અને તેના સંરક્ષણ માટે કુલ ૨૮ જેટલા પ્રોજેક્ટ ટાઈગર વિસ્તારો છે. વાઘ મોટા તૃણાહારી પ્રાણીઓ જોવા કે હરણ, સાંભર, નીલગાય તથા ઢોરોનું મારણ કરે છે. તે સંધિકાળે કે રાત્રે શિકાર કરે છે. આસાનીથી તરી શકે છે તથા મારણ નજીક જોવા મળી જાય છે. સૂર્યાસ્ત બાદ સવાર સુધી જંગલમાં શિકાર માટે ફરે છે. પાણી પીવાના સ્થળો પાસે જોઈ શકાય છે. વાઘને તેના પગલાંથી ચોક્કસ ઓળખી શકાય છે. વળી, ઝાડના થડ પર નખ ઘસવાનાં નિશાન અને તેની હગારથી ઉપસ્થિતિ જાણી શકાય છે. મારેલ શિકારની ચકાસણી કરતાં જો પ્રાણીનાં ગરદનના મણકાનું હાડકું તૂટેલુ કે કચડાયેલું જોવા મળે તો તે શિકાર વાઘે કરેલ છે તેમ ચોક્કસપણે કહી શકાય. વાઘની ગર્જના સાંભળીને પણ તેની ઉપસ્થિતિ જાણી શકાય. ૨૦મી સદીની શરૂઆતમાં ભારતમાં વાઘની વસ્તી ૪૦,૦૦૦ માંથી ઘટી ૧૯૭૨માં ૧૮૦૦ જેટલી થઈ અને ત્યાર પછી વધીને ૧૯૯૦માં ૪૦૦૦ જેટલી થઈ. દુર્ભાગ્યે ફરીથે આ સંખ્યા ૨૦૦૬ માં ૨૦૦૦ કરતાં પણ નીચે રહી હતી. હાલમાં વાઘની પાંચ પેટાજાતિ અસ્તિત્વમાં છે. બૅંગાલ ટાયગર, ઈન્ડોચાયનીઝ ટાયગર, સુમાત્રન ટાયગર, આમુર/સાયબેરિનય ટાયગર તથા સાઉથ ચાયના ટાયગર.

અન્ય વન્યપ્રાણીઓની વિશેષ માહિતી આ અંકમાં આગળ વાંચો. NNN

**દક્ષેસ જયંતિલાલ ભટ્ટ (ગોર)**

(જ્યોતિર્વિદ-મુંબઈ)

**Sankalp Astrologist & Palmist**

તથા

**જ્યોતિષ, કોમ્પ્યુટરાઈઝ જન્માક્ષર, લગ્ન, વાસ્તુ, સિમંત, નવચંડી, નારાયણબલિ, પંચબલિ, પ્રાણ પ્રતિષ્ઠા, ઉત્તર ક્રિયા, નક્ષત્ર શાંતિ, શ્રીમદ્ ભાગવત પારાયણ, યોગશાંતિ, પંચયાગ, દરેક પ્રકારની પૂજા વિધી, ઓન લાઈન પુજા અને માર્ગદર્શન.**

**મો. - ૯૫૯૪૩૨૬૨૦૨**

**Yoga By Bankim Parikh**

Online yoga sessions

**CONNECT WITH YOUR SOUL**

- **Pranayam**
- **Aasanas**
- **Power Yoga**
- **Surya Namaskar**
- **Stretching**
- **Other Kriyas**
- **Meditation**
- **Relaxation & Shavasan**
- **Knowledge Sharing**



**Batch 1** : Mon to Fri - 7 am to 8 am
**Batch 2** : Mon - Wed - Fri - 4.30 pm to 5.30 pm

**Bankim : 9820434322**
**Shachi : 8097779825**

**RELEASE YOUR MIND AND BODY**



entice



englaze



ORIS



enGem

Tripper™

ELCG + MCB Combination
MCB's & DB's

KEW

LS IS

Authorised Distributors : L&T SWITCHGEAR SAFE & SURE

Shivam Kadakia
Mob.: 79774 73064 • 99301 25548

Nilesh Kadakia
Mob.: 98192 17375

# V.B.R. ELEC. & ENGG. CO.

27/33, Pathak Wadi, Ismail Bldg., Lohar Chawl, Mumbai-400002.
Tel.: 2208 7739 | 2206 2026 • Talk Free : *7724 • Email : v.b.r@mtnl.net.in • shivamkadakia71@gmail.com

# પ્રેમ, માનવતા અને ભાઈચારાના પર્વનો સંદેશ આપતુ પર્વ એટલે.... નાતાલ

ભારતીયોની એ વિશેષતા છે કે દેશમાં કોઈપણ ધર્મના તહેવારો હોય, બધા લોકો આનંદ-ઉલ્લાસ સાથે હળીમળીને ઉજવે છે. નાતાલની ઉજવણી ઉમંગભેર થાય છે. દેવળોને શણગારીને રોશનીથી ઝળહળતા કરાયા છે. શાળાઓમાં પણ વિવિધ કાર્યક્રમો યોજાતા હોય છે. ખાસ કરીને ખ્રિસ્તી સમુદાયમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ખ્રિસ્તી સમુદાય દ્વારા કેટલાક સામાજિક અને મનોરંજક પ્રવૃત્તિઓ પણ નાતાલના દિવસોમાં થતી હોય છે.

નાતાલને ક્રિસમસ ડે પણ કહેવાય છે, જેનો અર્થ મોટો અથવા મહત્ત્વનો દિવસ એવો થાય છે. ૨૫ ડિસેમ્બરે ભગવાન ઈસા મસીહા અથવા ઈસુ ખ્રિસ્તનો જન્મ થયો હતો. જેને જીસસ ક્રાઈસ્ટ તરીકે પણ ઓળખવામાં આવે છે.

નાતાલનો તહેવાર પ્રેમ, માનવતા અને ભાઈચારાનો સંદેશ આપે છે. ભગવાન ઈસુ ખ્રિસ્તને તે સમયે સૂડી પર ચડાવાયા હતા અને તેઓ પુનઃ પ્રગટ થયા હતા, તેવી કથાઓ પ્રચલિત છે અને શાન્તાક્લોઝના સંદર્ભે પણ વિવિધ માન્યતાઓ પ્રચલિત છે. શાન્તાક્લોઝ બાળકોમાં ખૂબ જ લોકપ્રિય છે. આજે કેક કાપીને ભગવાન ઈસુ ખ્રિસ્તનો જન્મ દિવસ ઉજવવાની પરંપરા છે. ચર્ચમાં વિશેષ પ્રાર્થનાઓ અને કાર્યક્રમો પણ યોજાય છે.

જો કે, ઈસુ ખ્રિસ્તના જન્મદિવસની ચોક્કસ તારીખ નથી, પરંતુ ઈ.સ. ૧૩૭ માં રોમના બિશપે ક્રાઈસ્ટ બાળકના જન્મદિવસને એક ગંભીર દાવતના સ્વરૂપમાં મનાવવાનો સંદેશ કર્યો હતો, તે ઉપરાંત ઈ.સ. ૩૫૦ માં જુલિયસ નામના એક બિશપે તા. ૨૫ ડિસેમ્બરે ક્રિસમનસને ઈસુ ખ્રિસ્તના મહિના તરીકે અને ૨૫મી ડિસેમ્બરે ક્રિસમસ ડે ઉજવવાની શરૂઆત કરી હોવાની માન્યતા છે. આ અંગે ભિન્ન-ભિન્ન માન્યતાઓ પ્રચલિત છે, પરંતુ ખ્રિસ્તી સમુદાય પૂરી શ્રધ્ધાથી રંગેચંગે તા. ૨૫ ડિસેમ્બરે ભગવાન ઈસુનો જન્મદિવસ ઉજવે છે, આ ઉજવણી અઠવાડિયા સુધી ચાલતી હોય છે.

ચર્ચમાં ઈસુ ખ્રિસ્તને પ્રાર્થના કરીને ખ્રિસ્તી સમુદાય ભૂલો બદલ માફી માંગે છે અને ભગવાન ઈસુ ખ્રિસ્તના ગુણગાન કરે છે. ભગવાન ઈસુને પથદર્શક અને દુઃખ કષ્ટોના નિવારક માનવામાં આવે છે.

એવી માન્યતા છે કે ભગવાન ઈસુ ખ્રિસ્તે જન્મ લિધો ત્યારે સમાજમાં લાલચ, નફરત, અંધશ્રધ્ધા અને કુરિવાજો ફેલાયેલા હતા અને હિંસક પ્રવૃત્તિઓ વધી ગઈ હતી. ઈશ્વરે ઈસુ ખ્રિસ્તને પૃથ્વી પર લોકોને સત્યના માર્ગે વાળવા અને અંધશ્રધ્ધાના અંધકારમાંથી માનવતાના પ્રકાશ તરફ વાળવા મોકલ્યા હોવાની માન્યતા છે. લોકોની અંદરના અંધકાર, ઘમંડ, તકલીફો દૂર થાય અને નવા પ્રકાશનો ઉદય થાય તેવા ઉદ્દેશથી ભગવાન ઈસુ ખ્રિસ્તનો જન્મ થયો હોવાથી નાતાલને પ્રકાશનું પર્વ પણ માનવામાં આવે છે. NNN

**BENEFITS**




- Fresh As Of Packed
- Economical
- Highly Effective
- Long Lasting
- Space Saving
- Travel Friendly
- 100% Seal And Vacuum Guarantee


**VACUUM PRESS FOOD ITEAMS LIKE**



- All Types Of Snacks - Thepla, Khakra, Sev Mumra, Etc.
- Dry Fruits
- Pickles, Dry Aswell Cooked Food
- All Types Of Spices - Turmeric, Mirchi Powder, Dhana Jeeru, Etc.

**Address :**
B-3, 8th Floor, Matru Ashish, Nepean Sea Road,
Opp. Russian Consulate, Mumbai - 400036

**Contact Details :**
*Hema Amit Mody*
**Tel. - 022-23682646 - Mobile : 9821875344**


TELEPHONE & SWITCHYARD WIRES
HT CABLES
LT CABLES
LAN CABLES
CCTV CABLES
SUBMERSIBLE WIRES
SCREENED CABLES
FLEXIBLE CABLES
JELLY FILLED TELEPHONE CABLES
CO-AXIAL CABLES
SOLAR CABLES
WELDING CABLES
SPEAKER WIRES
INDUSTRIAL WIRES
POLYCAB
CABLE GLAND
FANS
Concealed Metal Boxes
For
Modular Series
CONCEALED METAL BOX
CLETA
SWITCHES
& MANY MORE PRODUCTS TO BE LAUNCHED
ESTD : 1958
PRABHAT CABLES PVT. LTD.
33, Pathak Wadi, Lohar Chawl, Mumbai - 400 002.
Tel : 2208 5153 / 4922 4200, Fax : 2208 2660
Hotline: Head Office / Sales: *507 • *509
Cable Delivery: *505 • *506 • Flexible & HW Delivery : *112 • *113
Email: info@prabhatcables.com / prabhatcables@gmail.com
Website: www.prabhatcables.com
Distributors :
POLYCAB
WIRES & CABLES

# જીંદગી જીવવાની કલા.....

- રાજેશ કડકીઆ

**દયા, દાન અને દાતારી, માન મર્યાદાને મોભો**
**વર, વચન અને વીરતા, આના તે કંઈ વાવેતર હોય ?**

એ તો વારસમાં જ ભેટ મળે ! કોઈ કોઈને કોડીયું, દીવેટ, ઘી, દિવાસળી જેવો પુજાપો આપી શકે પરંતુ સંસ્કાર, સંસ્કૃતિ કે શ્રધ્ધા આપી શકે ? આત્મ જ્યોતિની મોંઘેરી જણસવાના ગરીબ છતાંય દિલના ધનવાન કેવા હોવા જોઈએ તે સમજવા સજાગતા જરૂરી છે.

અંદરથી ધનિક બનવું કેટલું સરળ છે. સુંદર વસ્ત્રાભુષણ, બેંક બેલેન્સ, મોંઘા ગેજેટસ, એક્સેસરીઝ અને લકઝરી અથવા તો શૈક્ષણીક ડિગ્રી ભરપૂર સમૃદ્ધિ અને ખુશી આપવા માટે પૂરતું છે. Joy of Giving. સત્કાર્યની કૂખ અને સ્મિતાળ વદન લોકોના પ્રેમની ભૂખને સંતોષી શકે છે. આમ ટૂકડે ટૂકડે જે દુઃખને સુખના રૂપમાં પરિવર્તિત કરવા પ્રયાસ કરનાર સજ્જન કે સન્નારી કહેવાય.

દરેક વખતે જિંદગી પાસેથી સારી ઘટનાઓની જ અપેક્ષા ન રાખવી. અપેક્ષા રાખ્યા બાદ તે પરિપૂર્ણ ન થતાં વાંક જિંદગીનો નહિં આપણો જ હોય છે. જિંદગીને કેવી રીતે, કેમ, કોની સાથે, કયા સમયે, કેટલી માણવી એ આપણા સહુના હાથની વાત છે. અગર સમજાવવાથી જ સહુ સમજી જતાં હોય તો વાસંળી વગાડનારો ક્યારેય મહાભારત ના સર્જાવવા દેત.

આપણે ઈતિહાસનો સતત પાઠ ભણતા ને તેમાંથી તારવેલા સાર-પાઠ દોહરાવતા રહેવું જોઈએ. સમાજને અગર બહેતર બનાવવો હોય તો દરેકે પોતાની આસપાસની વ્યક્તિઓની દરકાર ને કદર કરતા શીખવું પડશે.

આથી જ ઈશ્વર સમક્ષ બે હાથ જોડી યાચના કરતાં કહેવું કે....

**"દિલમાં સમાય એટલું જ આપ-ને સુખ પણ જીરવાય એટલું જ આપ,**
**થોડું ઘણું લેવાય એટલું આપ-થોડું ઘણું અન્યને દેવાય એટલું જ આપ,**
**વ્યાજબી ખવાય એટલું આપ, ઝાંઝુ બસ ચવાય એટલું જ આપ,**
**ભલેને નાનકડું હોય મારું પાત્ર, પૂરેપૂરું ભજવાય એટલું જ આપ,**
**બીજું શું માપ હોય આંગણાનું-સહુને વધાવાય એટલું તો જરૂર આપજે.**

આપણને સહુને આપણાં કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરવાની આશા અચૂક હોય જ છે. સર્વ સફળતાનો પ્રાકૃતિક નિયમ એ જ છે કે આપત્તિ, વિપદા, બાધાઓ જેટલી કઠીન હશે, સફળતા તેટલી જ મોટી હશે. કોઈ મોટા કામમાં જોડાઈએ ત્યારે કવચિત અચાનક અણધારી મુસીબતો, તકલીફો આવવાની શરૂ થઈ જાય છે. એવું જ થાય, થવું જ જોઈએ. આપણે આને પ્રાકૃતિક કે ઈશ્વરીય સાંકેતીક પરીક્ષા કહી શકીયે. ઈશ્વર કદાચ એવું પારખવા ઈચ્છતો હોય કે આપણે આ કાર્ય માટે સક્ષમ છીએ કે નહીં. જો આપણે આવા કામ માટે કાબેલ નહીં હોઈએ તો અધવચ્ચે તે છોડી અન્ય કામમાં વ્યસ્ત થઈ જશું. જ્યારે કુદરતને આપણાં પર સંપૂર્ણપણે ભરોસો આવી જશે કે આપો આપ તે આપણી પરીક્ષા લેવાનું છોડીને સહકાર આપવાનું શરૂ કરી દેશે.

આથી જ જિંદગી એટલે પ્રચંડ વાવાઝોડામાં મીણબત્તી પ્રકટાવીને તેને સદાય પ્રજવલિત રાખવાનો એક અભૂતપૂર્વ નમ્ર પ્રયાસ. પરીશ્રમ, જીંદગી અને સપના વચ્ચે ભાવતાલ થાય તો સપના છોડી દો. જિંદગી સાબૂત હશે તો સપના ફરીથી પામી શકાશે.

ઉત્તતો સૂર્ય સ્વયં બળીને જ સમગ્ર સંસારને રોજરોજ નવી ઉર્જા આપે છે. સમાજમાં ઓળખ એવી બનાવવી કે સહુ કોઈ આપણને પદ, પૈસા, પ્રતિષ્ઠાથી નહીં પણ ખુદની સાદગી, સચ્ચાઈ કે સમાજ પ્રત્યે તેની જાગરૂકતા અને ખરી માણસાઈથી જ ઓળખે. જીવનમાં સુખ, શાંતિ, આનંદ, સંતોષ સિવાય સઘળું વ્યાજબી દામે મળી જ રહે છે. સદાય જીર્ણોધ્ધાર મંદિર, મસ્જીદ, દેવળ કે ગુરૂદ્વારનો જ નહીં વિચારોનો તેમજ વાણી, વર્તન સાથે વ્યવહારોનો પણ થવો જરૂરી છે.

દેશદ્રોહ કે દેશપ્રેમ, સર્જનાત્મકતા, ઉત્પાદકતા,

Selected Business Superbrand INDIA 2006 Industry Validated

# TOTAL ELECTRICAL SOLUTIONS




● Electrical Wires – Housegard & Hotgard ● Flame Retardant Low Smoke Electrical Wires – Flamegard ● Single & Multi Core Flexible Cables ● Single Core Flexible Cables for UPS Cabling ● PVC Winding Wires & 3-Core Flat Cables ● Trunk & Distribution CATV Cables ● Branch & Drop Co-axial Cables ● 105°C Temperature Resistant Auto Cables ● Cat 5 E+, Cat 6 and Cat 6+ LAN Cables & Components ● Telephone & Switchboard Cables ● Power & Control Cables ● Jelly Filled Telephone Cables ● Optic Fibre Cables ● PVC Sheets ● Finoswitch Electrical Switches - Premium & Classic ● Finoglow - Compact Fluorescent Lamps

**Finolex Cables Limited**
AN IS/ISO 9001 COMPANY
*Finolex gets people together*

***AUTHORISED DISTRIBUTORS AND CHANNEL PARTNER***

## Pushti Electricals Pvt. Ltd.

**17, Picket Cross Road, Lohar Chawl, Mumbai :- 400 002**
**Tel.: 2206 6230 ● 2208 7429 ● 2206 5726 ● 6637 7929**
**● E-mail : sales@pushtiindia.com ● Fax : 2206 7929**
**● Web.: www.pushtiindia.com**

તણાવ, સકારાત્મકતા, નકારાત્મકા, પ્રેમ, નફરત, સમજણ, બેવકૂફી, નાદાની, ગદ્દારી એ સઘળું ય ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે જ વધે છે. તેમાં આદતનું સાહિત્ય સદૈવ હોય જ છે. એકવાર કોઈનીય પાસે ધન આવી જાય કે આપોઆપ તે વધુ ને વધુ ધનને ખેંચે છે. વજન ઉતારવા માટે એક સમયપત્રક જાળવવું જરૂરી છે. પછી આ કામ સરળ બની જાય છે. આપણે સહુ કેટલી તીવ્રતાથી આદતોનું પાલન કરીએ છીએ કે કેટલી વખત કરીએ છીએ તે ખાસ અગત્યનું છે. સારી કે ખરાબ આદતોનું પરીક્ષણ સાવધાનીપૂર્વક કરવું.

અંગતની પંગતની સંગતની રંગત એવી હોય છે ને કે જો સોબત કે દોસ્તી સારી વ્યક્તિ સાથે થાય તો આપણી ખરાબ-ખોટી આદતોય સત્વરે બદલાઈ જાય છે કારણ કે સોય માત્ર ખૂંચવાનું જ કામ કરે છે, પરંતુ દોરા ધાગાનો સાથ મળતાં જ એ સોય તુરંત જોડવાનું કાર્ય કરતી થઈ જાય છે.

આપણાં સહુનું જીવન કુરુક્ષેત્ર જેવું જ છે. અંગતમાં એક માધવ અવશ્ય રાખવો. સંબંધને નામ આપવાની જગ્યાએ ક્યારેક માત્ર માન આપીએ તો તે ટકશે અને ગમશે જરૂર. જોકે આપણને પરવડે-પોસાય તેટલાં જ સંબંધો રાખવા કેમ કે લાગણીની લોન કોઈપણ બેંક પાસે ઉપલબ્ધ નથી.

આપણે સહુ આપણાં વ્યવસાયમાં કોઈપણ ઉચ્ચપદે બિરાજમાન હોઈએ. અગર આજ વ્યવસાયને આગળ-ઉપર લઈ જવા ઈચ્છુક હોઈએ તો તે ત્યારે જ સંભવ બનશે કે જ્યારે આપણે પણ આપણને પોતાને આ જ સંસ્થાના એક સામાન્ય કર્મચારી જ માનીએ. ફરક માત્ર એટલો જ કે સમય આવ્યે આપ કર્મચારીઓની કે કાર્યકર્તાઓની લાઈનમાં ફરજ માટે સર્વ પ્રથમ ઉભા રહો. આપણે સહુ ગમે તેટલા ધનવાન, જ્ઞાનવાન કે સામર્થ્યવાન હોઈએ પણ તેનું અભિમાન છોડી એક કાર્યકર્તા, સ્વયંસેવક કે માનવ તરીકે વર્તીએ તો ગરિમા ઓર વધશે.

સ્વયં જોડે વાત ન ગમતા લોકો વિશે વિચારવાનું ઓછું કરીએ. ગમતા લોકોનો વિચાર વધુ કરવો. આપણી પાસે જે નથી તેનો ..... રંજ, ગમ, વસવસો ઓછો કરીને જે છે તેની ખુશી માનવી રહી. વાહિયાત દલીલો કરવામાં સમય ઓછો વેડફયા વગર કામ કરવાનો સમય વધારી, કુશળતાપૂર્વક સંપૂર્ણ સામર્થ્યતાપૂર્વક કાર્ય કરવું રહ્યું. ભવ્ય ભૂતકાળમાં રાચવા કરતાં વર્તમાનમાં જ વધુ સમય પસાર કરી નિષ્ઠાપૂર્વક કાર્ય સંપન્ન કરવું. આવું સઘળું કરવાથી આપના વ્યક્તિત્વમાં ઓર નિખાર લાવી શકાય છે.

અંતમાં જિંદગી જીવવાની સાચી કલા એટલે સંપૂર્ણ સાથ, સહકાર, મિત્રતા-ખેલદિલીપૂર્વક, ક્ષમતાપૂર્વક સંપૂર્ણ કાર્ય પાર પાડવું. દરેક કાર્યમાં પ્રથમ ઈશ્વરની સ્તુતિ કરી સઘળી તાકાત કામે લગાડી કામમાં ડૂબી જવું. અન્ય ખરાબ વિચારો કે આવનાર પરિણામનો વિચાર કદાપિ ન જ કરવો. NN


**શાસ્ત્રી ગોપાલભાઈ ભટ્ટ (ગોર)**

**SANKALP ASTROLOGIST CONSULTANT**
**JYOTIRVID (MUMBAI)**

**જ્યોતિષ વિશારદ, કર્મકાંડ વિશારદ**

**(મૂડેતી - અમદાવાદ)**


જ્યોતિષ, મેળાપક, ગ્રહોના જપ, મંડપ મહુર્ત,
ગ્રહશાંતિ, લગ્ન વિધિ, વાસ્તુ શાંતિ, નક્ષત્ર શાંતિ,
શ્રીમંત સંસ્કાર, નવચંડી યજ્ઞ, પિતૃદોષ શાંતિ,
નારાયણ બલી, ડાઉઝિંગ ટેલી થેરેપી દ્વારા
વિવિધ જ્યોતિષ ને લગતા પ્રશ્નોનું યોગ્ય માર્ગદર્શન,
વેદોક્ત પુરાણોક્ત,
શાસ્ત્રોક્ત પુષ્ટિમાર્ગ વિધિ વિધાનથી પૂજન
સંતોષપૂર્વક કાર્ય કરનાર
૬, શાસ્ત્રીભુવન, બ્લોક નં.૧૩/૧૬ ૧ માળે, જબ્રેશ્વર ગલ્લી,
બાંણગંગા ક્રોસ રોડ, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬
**મોબાઈલ : ૯૮૨૦૫ ૨૮૦૨૨**
**Email : bhattgopal59@gmail.com**

# Mediclaim

## Cashless - Policy

**Entry Age Till 75 Yrs**

**No Medical Test Required**

**Special Plan for**

- ★ Diabetes Patients
- ★ Cancer Patients
- ★ Heart Patients
- ★ Senior Citizen
- ★ Family Floater

**Hardik Nalin Suthar**

**Call - 8655886011 / 9769454999**

# નિવૃત્તિ
## સન્માનપૂર્વક આનંદથી જીવવું ?

- કીરીટ ધારીઆ (પ્રતિક્રમા)

જીવનના ત્રણે તબક્કા બાળપણ, યુવાની અને વૃધ્ધાવસ્થા. જેમાં યુવાનીમાં ઉત્સાહ, ઉમંગ અને ખુમારી ભર્યું જીવન. આ શક્તિ અને સ્ફૂર્તિનો સમય પૂરો થયા પછી શરૂ થાય છે વૃધ્ધાવસ્થા.

વૃધ્ધાવસ્થા ઝંખે છે પ્રેમ, સ્નેહ અને આદર. મનોકામના હોય છે પરિવારની શાંતિ અને સુખની. કાંડાની કમાણી ઓસરી જાય, શરીર અશક્ત થાય અને મોતનો અહેસાસ નજદીક દેખાય. આ બધી પરિસ્થિતિમાં માનભેર જીવવું તે મહત્વનો પ્રશ્ન બને.

સ્વાર્થ, લોભ, ઈચ્છા અને અપેક્ષાઓને છોડી દેવાય. અને સાથેસાથે સારું આરોગ્ય, સલામતી, સકારાત્મક વિચારો અને પરિવર્તનનો સ્વીકાર રાખવાથી સુખ, શાંતિ, સંતોષ અને આનંદનો અનુભવ થઈ શકે. જીવન જીવવા બનાવવાના પ્રયાસો કરી, સંઘર્ષથી દૂર રહેવાનું ધ્યેય અપનાવવો જરૂરી અને ઈચ્છનીય અપનાવવો. બધું આયોજન ભવિષ્યને નજર સમક્ષ રાખી કરવું જોઈએ.

નકારાત્મક વિચારોને તિલાંજલી આપવાથી તણાવથી મુક્તી અને ખુશીનો અહેસાસ થાય. જે થાય છે તે સારા માટે જ હશે તેવી સક્રીય વિચારધારા ગમે તેવી મુશ્કેલીઓમાંથી ઉગારી લેશે. સમય બહુ કિંમતી અને મહત્વનો છે. સમયની સાથે લગાન હાથમાં હોય તો મુશ્કેલીઓનો ઉકેલ સહેલો થાય. પરિવર્તનના પ્રવાહને રોકી શકાય નહીં કારણ કે કુટુંબ, સમાજ, ધર્મ અને અન્ય બાબતોમાં સમય સાથે બદલાવ આવવાનો છે. બધા વિચારો અને આવિષ્કારો સ્વીકારવા પડે કારણ કે જીવનમાં બધુ ધાર્યું થતું નથી.

જરૂરી છે સૌ પ્રત્યે પ્રેમભાવ રાખવો, પ્રેમ જેટલો આપો તેટલો સામે મળી શકે. જેનોજેનો સાથ સહકાર મળ્યો છે,તેનો ઉપકાર ભૂલશો નહીં. બીજાને માટે કંઈક કરવાનો આનંદ જ અનોખો છે.

મુખ્ય છે, ક્ષમાની ભાવના. કડવી યાદોને ભૂલવી અને ખોટો દંભ અને દેખાવને જાકારો આપવો જેથી બીજાને જેવા છો તેવા બની રહો અને સાથે સ્વિકારો.

પરમસત્ય જીવનનું એ છે કે સમયની સાથે બધુ ભૂલાઈ જશે કારણ કે મૃત્યુનો ભય રાખવો યોગ્ય નથી. જીવનનું આ પરમસત્ય છે.

સાથે સાથે જાણવું જરૂરી છે કે આખરે હું કોણ છું ? શા માટે આવ્યો છું ? અને શું ઉદ્દેશ છે ?

માણસના જીવનનો ઉદ્દેશ પોતાના અંતઃસ્થમાંથી આંતર સાધના કરી શોધવાનો છે, કે આ અમૂલ્ય જીવન દુઃખ અને ચિતાંગ્રસ્તતામાં પડયા રહેવું જરૂરી છે ? પરિવર્તન સ્વભાવમાંથી મુક્ત થઈ શાશ્વતમાં સ્થિર થવું એ જાણવું જરૂરી છે. આજની આ બહાર થતી યોગની સાધના સાથે કોઈ આંતર યોગને સંબંધ નથી કારણ કે સ્થૂળ સ્વરૂપમાંથી માંડી સૂક્ષ્મ ચેતન તત્વને જાણી શકાય નહીં. નિષ્કામ ભક્તિ હોય તો કર્મના બંધનો ઢીલા પડે છે. જ્યાં સુધી આ શરીરમાં રહેલી ન જરૂરીયાત પ્રકૃતિ ઉપર કાબુ ન મેળવી શકો ત્યાં સુધી મુક્તિનું દ્વાર ન મેળવી શકાય. અંધકાર ભાગે તો અજવાળુ મળે. આ માટે 'પ્રતિક્રમા' પુસ્તક લખી જરૂરી માહિતી આપી છે. આખરે તો યોગ્યમાર્ગ છે

**'હે પ્રભુ, કોઈનું બુરું ન ચિંતવુ, એટલી સમજ દેજે'.**

**'હે પ્રભુ, કોઈનું ખરાબ ન કરું, એટલો વિવેક દેજે.'**

NNN

# SWETA ELECTRIC CORPORATION

**71, MANGALDAS ROAD, LOHAR CHAWL, MUMBAI - 400 002**

**TEL NO.: 22087171 / 22088662 / 65207269**

**Email: sweta@xlelectricals.com**

**PRAFUL SHAH : MOB: 98339 25359**

## AUTHORISED DEALERS


dowell's®

AN ISD 9001 - 20001 CERFIED CO





BRASS CABLE GLANDS



LAUG AND TOOLS

# સફળતાની સાચી ચાવી

- ભાવિક ભદ્રેશ મોદી (મોટાબાલી)

દરેક વ્યક્તિના જીવનમાં ઈચ્છા હોય છે કે તે જીવનમાં દરેક કામમાં સફળ થાય. સફળ થવા માટે જે પણ બની શકે તે કરવા તૈયાર હોય છે. માતા-પિતા પણ પોતાના બાળકોને સફળ કરવા માટે કેટકેટલુ કરી ચૂકે છે. પણ ઘણીવાર લોકો સફળતા પામવા માટે એવી વ્યક્તિઓ જે સફળ થઈ ચૂક્યા છે એવા લોકોની જીવન પધ્ધતિને અનુસરે છે. જેમ કે વહેલી સવારે ઉઠવું, કસરત કરવી, બુક વાંચવી, યોગ કરવો, મંદિરમાં પૂજા પઠન કરવું પણ શું હકીકતમાં આવુ થવાથી સફળતાની ચોક્કસાઈ થશે.

હકીકતમાં સફળ થવા માટે ફક્ત એક જ રસ્તો છે અને એ છે પોતાને ગમતુ કામ કરવું. તમે ઘણીવાર જોયું હશે કે લોકો પોતાનો વ્યવસાય અથવા નોકરી ધંધો વારંવાર બદલતા હોય છે કેમકે તેમણે તેમાં સફળતા નથી મળતી પણ હકીકતમાં તે પોતાનું મનપંસદ કામ નથી કરતા હોતા અને ફક્ત જે વ્યાપાર વધારે ચાલતો હોય છે તેમાજ કાર્યરત હોય છે. આમાં તે પોતાના કામ પ્રત્યે પ્રેમ નથી રાખતા અને કદાચ આજ કારણ છે કે તે પોતાના કામમાં સફળ નથી થતા. એક જૂની કહેવત છે

**Do what you love or else**
**You will force to love what you you are doing.**

આનો ભાવાર્થ ફક્ત એજ છે કે તમે તમારું મનપસંદ કામ કરો નહીં તો જે કામ કરો છો, એને મન મારીને પસંદ કરવું પડશે અને જે મનુષ્ય નામના પ્રાણી માટે શક્ય નથી.

આજની Competatition વાળી દુનિયામાં દરેક મા-બાપને પોતાના સંતાનોની ચિંતા હોય છે અને એટલા માટે જ પોતાના બાળક માટે પોતાના ગમતા અને માનીતા કાર્ય કરવા માટે દબાણ કરે છે અને બાળક પોતાના સ્વપ્નને મારી એ કામ કરવાના પ્રયત્ન કરે છે પણ ઘણા બાળકો પોતાની સાધનાને પામવા મહેનત કરે છે પણ એવા બાળકો સેંકડોમાંથી એક હોય છે જે પોતાનો સિક્કો જમાવે છે.

સવારે વહેલું ઉઠવું, કસરત કરવી કે વાંચન કરવું એનાથી સફળ થશો એ જરૂરી નથી. હા સરળ થવા માટે મદદગાર જરૂર નિવડશે પણ સફળતા તો ફક્ત પોતાનું મનપસંદ કામ કરવાથી જ મળશે એ તો પાકું છે.

તમે જ વિચારો કે સચીન ટેન્ડુલકર અગર સવારે વહેલો ઉઠી નોકરી પર જાત તો શું એ આજે આ Position પર હોત ? પણ તેને સવારે વહેલા ઉઠી ક્રીકેટની પ્રેકટીસ કરવામાં વિતાવ્યો અને આજે એ 'ભારત રત્ન' બની ગયા છે.

આજના ઘણા બાળકો પોતાના પિતાના સફળ અને વિકસાયેલા વ્યવસાયમાં આવે છે અને એ કાર્ય પોતાના મનપસંદનું ન હોવાથી એમાં પોતાના પિતાની જેમ સફળ નથી થતા.

આવા દરેક વ્યક્તિ અને બાળકોને એક જ પ્રશ્ન પોતાની જાતને પૂછજો, કે શું તે કરે છે તે કાર્યને પોતાના મનથી કરે છે. જે દિવસે એમને આ પ્રશ્નનો જવાબ મળશે ત્યારે તેમને સફળતાની સાચી ચાવી મળશે.


Rakesh Dharia - 9819685882

- Civil
- Carpenter
- Painting
- Aluminium
- P.O.P.Work
- Electric
- Fabricators

Krish
INTERIORS

A-604, Saraswati C.H.S.Ltd.
C.S.Road No.4, Near Shakti Nagar
Dahisar (East),
Mumbai - 400068


SHAH & SHAH ENTERPRISE
1st Floor, GK Building, 35 Vithaldas Road, Lohar Chawl, Mumbai - 400002.
022 - 2201 7283
info@shahent.co.in
www.shahent.co.in
+91-98198 17568 / 98670 13920
Lohar Chawl Talk Free Extension - *743
Authorized Stockists:
MERSEN
Expertise, our source of energy
Solar PV Fuse
Time Delay Fuse
Midget Fast-Acting Fuse
UltraSafe™FuseHolder
Protistor fuse (all sizes)
BS Semiconductor fuse
Semiconductor
SPDs
CAT5E
CAT6
CAT6A
D-Link®
Building Networks for People



# ખીચડી

- બેલા મનોજ કચેરીયા

**Tasty, Healthy And Hygienic Family Dish, Khao And Khilao**

આ વિશ્વમાં કોઈને કોઈ બાબતે ભેખ લઈને ખીચડી ખાનારા લોકો તો સેંકડો હશે, પરંતુ ખીચડી માટે કોઈએ ભેખ લીધો હોય તેવું તો કદાચ વડોદરાના જગદીશભાઈ જેઠવા (પ્રજાપતિ) ના કિસ્સામાં જ બન્યું હશે. તેમની આખી વાત માંડીને કરીએ.

તેમનું મૂળ વતન રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાનું પાટન વાવ ગામ. માતાનું નામ હંસાબેન અને પિતાનું નામ નરસિંહભાઈ. પિતાને છાપાંની ફેરી ઉપરાંત છૂટક દુકાન હતી.

જગદીશભાઈએ એકાઉન્ટસીમાં ગ્રેજ્યુએશન કર્યા પછી વડોદરામા એક્સપોર્ટ-ઈમ્પોર્ટનો વિશેષ અભ્યાસક્રમ કર્યો. એ પછી તેઓ અદાણી ગ્રુપ, કોકાકોલા ગ્રુપ અને એચ ડચ કંપની ડીએસએનમાં લોજિસ્ટિક ડિપાર્ટમેન્ટમાં જોડાયા.

બધુ સરસ ચાલતું હતું ત્યાં રસ્તામાં ખીચડીબહેન મળી ગયાં અને તેમનું જીવન બદલાઈ ગયું.

થોડાં વર્ષો પહેલાં તેમને પ્રાચીન ભારતની વિરાસતમાં રસ પડયો. તેઓ પ્રકૃતિને ખૂબ નજીકથી જોવા અને સમજવા લાગ્યા. વિશ્વમાં જંકફૂડ અને ફાસ્ટફૂડનો વધેલો વ્યાપ અને તેને કારણે થતા નુકશાનને જોઈને તેમનું દિલ દ્રવી ઊઠયું. તેમણે ભારતીય ખાણી પીણી સંસ્કૃતિનો અભ્યાસ કર્યો. તેમને લાગ્યું કે, ખીચડી એક એવી વાનગી છે જે અનેક રીતે વિશિષ્ટ છે. તેઓ નાના હતા ત્યારે ખીચડી ખાતા, પરંતુ ખીચડીમાં આટલી બધી શક્તિ છે તેવી તેમને કલ્પના નહોતી.

પછી તો તેમણે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના પ્રોફેસર ગોલકિયા સાહેબ સાથે મળીને ખીચડી અંગે ખાંખાંખોળાં કર્યા. આગળ જતા વડોદરાની એમ.એસ. યુનિવર્સિટી સાથે રહીને ખીચડી ઉપર સંશોધન કર્યું. ગોલકિયા સાહેબ તો કહે છે કે, ખીચડી ગરીબ કે બિચારી નથી, એ તો મોટો વૈભવ છે.

જગદીશભાઈ કહે છે કે, ૧૦ હજાર વર્ષ પહેલાં ખીચડી હતી. આયુર્વેદ, ઋષિ-મુનિઓ પણ ખીચડીની હિમાયત કરતા. મગ અને ચોખા બંને અત્યંત પવિત્ર અને શક્તિશાળી ધાન્યછે.

ખીચડી એ શુકનવંતો આહાર છે. ખીચડી માના દૂધ જેવી પવિત્ર છે. દેવ અને દેવીઓને પણ ખીચડી વહાલી છે. જગદીશભાઈ ખીચડીની પ્રશંસા કરતા કહે છે કે, તેના અપાર અને અમાપ ગુણ છે. એ માત્ર ચાર કલાકમાં ડાયજેસ્ટ થઈ જાય છે. તેમનું કહેવું છે કે ખીચડી ખાવાથી મન પણ નિર્મળ થાય છે. આપણા ત્યાં કહેવત છે કે જેવું અન્ન, તેવું મન.

મગ-ચોખાની બનેલી ખીચડીમાં ગાયનું ઘી ઉમેરીને ખાવાથી શરીર અને મનને મોટો ફાયદો થાય છે.

તેઓ કહે છે કે, ભારતમાં જો જંકફૂડને બદલે ખીચડીનું પ્રચલન કરવામાં આવે તો ભારતની અનેક સમસ્યાઓ ઉકલી જાય. માંદગી ઘટી જાય. લોકોનાં તન અને મન સ્વસ્થ થાય. આત્મહત્યાઓ ઘટી જાય. જગદીશભાઈ ખીચડીને એટલી બધી ચાહે છે કે, તેઓ એમ પણ કહે છે કે, ખીચડીથી મોક્ષ પણ મળી શકે.

ખીચડીમય બની ગયેલા જગદીશભાઈને જોઈને તેમના ધર્મપત્ની મિલનબહેન રાજી થયાં. તેમણે જગદીશભાઈને સાથ આપવાનું નક્કી કર્યું. એ પછી તો જગદીશભાઈએ વડોદરામાં બ્રહ્મ ખીચડી હાઉસ બનાવ્યું. અહીં તેઓ માત્ર ૬૦ રૂપિયામાં ખીચડીની પ્લેટ આપે છે.

આ હાઉસમાં મળતી બ્રહ્મા ખીચડીમાં વિવિધ


AUTHORISED DISTRIBUTOR
ABB
TEKNIC
ESSEN
socomec
Innovative Power Solutions
ELMEASURE
elmex
SCI
ABB
elmex
ESSEN
ELMEASURE
socomec
Innovative Power Solutions
SCI
TEKNIC
R.K. Engineering Pvt. Ltd.
( Formerly known as R. K. Trading Co. )
www.rkepl.co.in
Corporate Office:
Gala No. 36, Bldg No.3, Mittal Industrial Estate,
Andheri Kurla Road, Andheri (East), Mumbai - 400059
Tel.: 022- 4229 0033/35/36
Registered Office:
B/24, Sujal Mansion, Bhangwadi,
Kalbadevi Road, Mumbai - 400002.
Tel.: 022-39567219 / 40103663
Mobile: 98200 45111 / 98205 97149 / 9820140077
Email: dhrutan@gmail.com | kalpesh18189@gmail.com | sasadhsa@gmail.com | sales@rkepl.co.in

પ્રકારનાં શાકભાજી હોય છે જે ખવૈયાને ભોજનનાં સંતોષની અનુભૂતિ કરાવે છે. અહીં ફુદીના ખીચડી મળે છે. જે ઘણા રોગો મટાડે છે. યુવાનો માટે જગદીશભાઈ ગાર્લિક ખીચડી બનાવે છે. બાળકો ખીચડી તરફ આકર્ષાય તે માટે તેમણે ચીઝ ખીચડીનું સંશોધન કર્યું.

વડોદરામાં ગોત્રી વિસ્તારમાં ત્રીજે માળે આવેલા આ ખીચડી હાઉસમાં જગદીશભાઈ અને મિલનબહેન પૂરા ભાવ સાથે ખીચડી પીરસે છે.

જગદીશભાઈ કહે છે કે, આપણી અનેક વાનગીઓ વિશિષ્ટ છે. દેશી હાંડવો ૫૦૦ વર્ષ જૂનો છે. અનકે ચટણીઓ ૧૦૦-૧૫૦ વર્ષ જૂની છે. આ બધાં પોષક તત્ત્વોનો ભંડાર છે. તેમનું કહેવું છે કે, ખીચડીમાં તો ૧૬ પ્રકારનાં પોષક તત્વો હોય છે. તેમાં એનર્જી (૨૮૦ કેલરી), પ્રોટીન (૭.૪૪ ગ્રામ), કાર્બોહાઈડ્રેટ (૩૨ ગ્રામ), ટોટલ ફેટ (૧૨.૬૪ ગ્રામ), ડાયેટરી ફાઈબર (૮ ગ્રામ), વિટામીન એ (૯૯૪.૪ આઈયુ), વિટામીન બી ૬ (૦.૨૪ મિલી ગ્રામ), વિટામીન સી (૪૬.૩૨ મિલી ગ્રામ), વિટામીન ઈ (૦.૩૨ આઈયુ), કેલ્શિયમ (૭૦.૩૨ મિલી ગ્રામ), આર્યન (૨.૭૬ મિલિ ગ્રામ), સોડિયમ્ (૧૦૧૫.૪ મિલિ ગ્રામ), પોટેશિયમ (૭૫૩.૬૪ મિલી ગ્રામ), મેગ્નેશિયમ (૭૧.૧૨ મિલી ગ્રામ), ફોસ્ફરસ (૧૩૮.૩૨ મિલી ગ્રામ) અને જીંક (૧.૧૨ મિલી ગ્રામ) હોય છે.

ભૂતકાળમાં એમ.એસ. યુનિવર્સિટીના ફૂડ એન્ડ ન્યુટિશિયન વિભાગમાં પ્રથમ વખત ખીચડીમાં રહેલાં પોષક તત્વોનું વિશ્લેષણ કરવામાં આવ્યું ત્યારે ઉપરોક્ત માહિતી મળી હતી.

ખીચડી માટીના વાસણમાં બનાવવામાં આવે તો તેની ગુણવત્તા અને સ્વાદ વધી જાય છે તેવું કહેવાય છે. જૂના કાળમાં લોકો માટીના વાસણમાં જ ખીચડી બનાવતા હતા.

જગદીશભાઈ સજોડે ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને મળીને ખીચડીની વકીલયાત કરી આવ્યા છે. જોરાવરસિંહ જાદવ અને વિવેક દેસાઈ (નવજીવન ટ્રસ્ટ) દ્વારા તેમને હૂંફ અને સહયોગ મળ્યો છે.

તૈતરિય ઉપનિષદના એક શ્લોકનો હવાલો આપીને જગદીશભાઈ કહે છે કે, અન્ન બ્રહ્મ છે કારણ કે, અન્નથી જ દરેક પ્રાણી ઉત્પન્ન થાય છે. ઉત્પન્ન થયા પછી અન્નથી જ તે જીવિત રહે છે અને છેલ્લે મરણ પશ્ચાત પણ અન્નમાં જ પ્રવેશ કરી જાયછે.

ભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે કે, મનુષ્યના શરીરમાં હું જઠરાગ્નિ સ્વરૂપે વસું છું. તેમણે એમ પણ કહ્યું છે કે, આયુષ્ય, બળ, આરોગ્ય, સુખ અને પ્રીતિ વધારનાર, સડો ન થાય અને સ્થિર રહે તેવો, હૃદયને વલોપાત ન કરાવે તેવો, રસાવાળો, ચીકાશવાળો હોય તેવા આહારના પદાર્થો સાત્વિક મનુષ્યોને પ્રિય હોય છે. જગદીશભાઈ કહે છે કે, આપણી ખીચડીમાં આ બધા ગુણ સામેલ છે.

૨૦૧૫માં નોકરી મૂકીને ખીચડીનું હાઉસ શરૂ કરનારા જગદીશભાઈ માને છે કે એ સમય ખૂબ ઝડપથી આવશે કે લોકો અન્ન એ જ બ્રહ્મ છે એ સનાતન સત્યને સમજીને પાછા ભારતીય ખાણીપીણી તરફ પાછા વળશે. ખીચડી તેમાં સર્વોત્તમ છે એટલે લોકો ચોક્કસ ખીચડીમય બનશે અને એ વખતે લોકોનું સ્વાસ્થ્ય સુધરશે. ભલે આપણે અત્યારે ખીચડીને ભૂલી ગયા છીએ પણ દેશ-વિદેશના અનેક વ્યંજનો કરતાં આપણી આ ખીચડી હજારો ગણી ચડિયાતી છે.

તેમનું કહેવું છે કે, એક બાજુ કરોડો યુવાનો ફાસ્ટફૂડ ખાઈને પોતાનું આરોગ્ય બગાડી રહ્યા છે અને બીજી બાજુ તેઓ ખીચડી જેવા પરમ ખોરાકથી દૂર રહીને મોટું નુકશાન પણ વેઠી રહ્યાં છે. **(સંકલન)**

NNN

# તમારા સ્નેહભાવને પરંપરાગત ગુજરાતી અલંકારોથી વ્યક્ત કરો !



પેઢી દર પેઢીના વારસાગત અનુભવથી અમારી કારીગરીએ ઘણા પારખુ ગ્રાહકોને સંમોહીત કર્યા છે.
નકશીકામની ગુણવત્તા કહો કે પછી શ્રેષ્ઠકૃતિની રચના,
જોતાં જ ગમી જાય એવા અલંકારો અમે આપની સમક્ષ પ્રસ્તુત કરીએ છિએ.

પધારો; પરંપરાગત ગુજરાતી અલંકારોની ઉત્કૃષ્ટ શ્રેણી
અમારા એકમાત્ર બુટિક – એસ. વી. રોડ, અંધેરી ખાતે નિહાળો.

Since 1962

## સોની શિવલાલ જ્વેલર્સ પ્રા. લિ.

સુવર્ણ અને હિરાનું કલાત્મક સંગ્રહસ્થાન, ખરીદદાર, વેચનાર, નિકાસકર્તા અને સરકારમાન્ય વેલ્યુઅર

શો-રૂમ : શોપ નં. ૧ અને ૨, સેન્ટર સ્કવેઅર બિલ્ડીંગ, ફિદાઈ એકેડમીની બાજુમાં,
એસ. વી. રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ ૪૦૦૦૫૮ | ફોન : +૯૧-૨૨-૨૬૭૦ ૫૪૫૪ / ૪૦૧૩ ૯૧૫૫

# ભાવવિશ્વ

- પ્રવીણભાઈ દેસાઈ

'કૃતિ, હું એક લેખક છું. લેખકને લખતી વખતે એકાંતમાં રહેવું જરૂરી છે. જે લેખક એકાંતને માણી શકે છે તે જ તેની કલ્પનાશક્તિ સાથે સંવાદનો સેતુ રચી શકે છે. આ સંવાદનાં સેતુને કારણે જ લેખક તેનાં 'ભાવવિશ્વ' માં વિહરી શકતો હોય છે. લગ્નજીવનનાં છ માસ દરમ્યાન કૃતિએ હરિહર પાસે આ ડાયલોગ પહેલી જ વાર સાંભળ્યો હતો. માત્ર છ મહિનામાં હરિહરની 'એકાન્ત' માટેની અકળામણથી કૃતિ નારાજ થઈ ગઈ હતી. તે આંખમાં આંસુ સાથે રસોડામાં જતી રહી હતી. રસોઈ કામમાં પણ કૃતિને આજે મજા આવતી નહોતી. તેનું મન વિચારે ચડી ગયું. હરિહર સાથેનો કૃતિનો પ્રથમ પરિચય નેશનલ બુક ફેરમાં થયો હતો. કૃતી કોલેજના છેલ્લા વર્ષમાં ભણતી હતી. કૃતિનો મુખ્ય શોખ વાંચનનો હતો. એક બુકસ્ટોલમાં કૃતિ પુસ્તકો જોઈ રહી હતી. અચાનક ફ્રેન્ચકટ દાઢીવાળો હરિહર તે જ બુકસ્ટોલમાં આવી ચડયો હતો. હરિહરની દરેક નવલકથામાં પાછળનાં કવરપેજ પર તેનો ફોટો અવશ્ય રહેતો જેના કારણે કૃતિ તેને ઓળખી ગઈ હતી.

'સર, તમે જ હરિહર ત્રિવેદી છો ને ?'

'હા.... તમે મને બરાબર ઓળખ્યો લાગે છે તમને પુસ્તકો વાંચવામાં ખૂબ જ દિલચસ્પી છે.' હરિહરે તેની આગવી સ્ટાઈલમાં સસ્મિત ચહેરે કહ્યું હતું.

'સર, તમારી તમામ નવલકથાઓ વાંચી છે. તમારી કલમમાં તો જાદુ છે. તમે પાત્રોનું એવું સરસ સર્જન કરો છો કે વાંચકોને એ પાત્રો પોતીકાં લાગવા માંડે છે.'

'તમે મારું દરેક પુસ્તક ખરીદીને વાંચ્યું છે ?'

'ના સર. મારા જેવી મધ્યમવર્ગની છોકરીને પુસ્તક ખરીદવું તો ન પોસાય તેથી કોલેજની લાયબ્રેરીનો ભરપુર ઉપયોગ કરું છું.'

હરિહરને કૃતિની નિખાલસતા સ્પર્શી ગઈ હતી. તે હસી પડયો હતો. કૃતિ તેને મંત્રમુગ્ધ બનીને તાકી રહી હતી.

કૃતિએ અચનાક તેનાં પર્સમાંથી નોટબુક કાઢીને હરિહરની સામે ધરી હતી. 'ઓટોગ્રાફ પ્લીઝ... સર.'

'શ્યોર.... શું નામ છે તમારું ?'

'જી... કૃતિ દેસાઈ.'

હરિહરે શર્ટના ઉપલા ખીસ્સામાંથી પાર્કરપેન કાઢીને નોટનાં પહેલાં પાને 'વીથ લવ યુ બ્યુટીફુલ ગર્લ કૃતિ' લખીને પોતાના હસ્તાક્ષર કરી આપ્યા હતા.

કૃતિ લજામણીનાં છોડની જેમ શરમાઈ ગઈ હતી.

બંનેની બીજી મુલાકાત ટાઉન હોલમાં થઈ હતી. કૃતિ તેનાં મોટા ભાઈ અને ભાભી સાથે નાટક જોવા ગઈ હતી. હરિહર ત્રિવેદી પણ નાટક જોવા માટે જ આવ્યો હતો. ઈન્ટરવલમાં અચાનક બંને મળી ગયા હતા. અલપ ઝલપ વાતચીતમાં જ વીસ વર્ષની કૃતિ પાંત્રીસ વર્ષનાં હરીહર પ્રત્યે આકર્ષાઈ ગઈ હતી. અત્યાર સુધી કૃતિ માત્ર હરિહરની કલમની જ ચાહક હતી પરંતુ બીજી મુલાકાત બાદ તે હરિહરનાં ગળાડૂબ પ્રેમમાં પડી ગઈ હતી. હરિહરને તો માત્ર એક લેખકને તેનાં વાચક પ્રત્યે જેવી કુણી લાગણી થાય તેવી જ લાગણી કૃતિ પ્રત્યે હતી.

મા-બાપ વગરની કૃતિ માટે તેનાં મોટાભાઈ જ મા-બાપ સમાન હતાં. કૃતિની હરિહરને પરણવાની જીદને કારણે આખરે મોટાભાઈએ હરિહર ત્રિવેદીની તપાસ કરાવી હતી.

'કૃતિ, તમારા બંનેની ઉંમર વચ્ચે ખાસ્સો પંદરેક વર્ષનો તફાવત છે.'

'મને વાંધો નથી. આટલાં સારા લેખકની કૃતિ બનવાનું સૌભાગ્ય મળે તે જ મારા માટે મોટી વાત છે.' કૃતિએ દ્રઢતાથી કહ્યું હતું.

'પણ કૃતિ તે ડીવોર્સી પણ છે.'

'મોટાભાઈ મને તેનો પણ વાંધો નથી. દરેક ડીવોર્સીનાં કેસમાં માત્ર પુરુષનો જ વાંક હોય તે જરૂરી નથી.'

કૃતિની મક્કમતા જોઈને આખરે મોટા ભાઈએ તેમના ઘરે જ કૃતિની અને હરિહરની અધિકૃત એકાંત

મુલાકાત ગોઠવી હતી.

'કૃતિ મેં તો ફરીથી લગ્ન કરવાનો વિચાર જ માંડી વાળ્યો હતો. તારા મોટાભાઈ પાસેથી મેં જાણ્યું કે તું જીદે ચડી છો કે પરણીશ તો આ લેખક મહોદયને જ.... તેથી તારી સમક્ષ કેટલીક સ્પષ્ટતા કરવા જ આવ્યો છું.'

કૃતિ ધ્યાનપૂર્વક હરિહરને સાંભળી રહી.

'આપણી વચ્ચે ઉંમરનો પંદરેક વર્ષનો તફાવત છે તું તો જાણે જ છે વળી હું તો ડીવોર્સી પણ છું.'

'સર, હું તમારા કોઈ ભૂતકાળના પોપડા ઉખેડવા માંગતી નથી. તમારા લખાણ દ્વારા મને તમારા આર્દશ વિચારોની ખબર જ છે. હું તો મારા મનમંદિરમા તમારી મૂર્તિને સજાવીને બેઠી છું.'

'કૃતિ, વિચારીને નિર્ણય કરજે. લેખકો, ચિત્રકારો, ફોટોગ્રાફરો, કલાકારો આ બધા ગજબનાં ધૂની હોય છે. મારા ધૂની સ્વભાવને કારણે તને પાછળથી પસ્તાવો નહિં થાય ને ?'

'સર, તમારા સિવાય દુનિયાનાં દરેક પુરુષ મારા માટે ભાઈ-બાપ સમાન છે.' કૃતિએ મક્કમતાથી કહ્યું હતું. કૃતિનો જવાબ સાંભળીને હરિહર બોલી ઉઠયો હતો...'કૃતિ, હવે મને સર કહેવાની જરૂર નથી...માત્ર હરિહર જ કહેવાનું.' હરિહરનો જવાબ સાંભળીને કૃતિનાં ચહેરા પર આનંદની સુનામી ફરી વળી હતી. કૃતિનાં ઘરે તે જ દિવસે ગોળ ધાણા ખવાઈ ગયા હતા.

ત્રણેક માસમાં કૃતિનું ફાઈનલ વર્ષનું રીઝલ્ટ આવી ગયું એટલે બંનેના સાદાઈથી લગ્ન પણ થઈ ગયા હતા. ગ્રેજ્યુએટ થયેલી કૃતિને મોટા બુકસ્ટોલમાં નોકરી મળી ગઈ હતી. ઓછા પગારની નોકરી કરવા પાછળ કૃતિનો નેક ઈરાદો ઘરમાં ટેકો કરવાનો જ હતો. આખો દિવસ કૃતિ નોકરી કરવા જતી અને હરિહર ઘરે બેઠો બેઠો જ તેની લખવાની પ્રવૃત્તિ કરતો રહેતો. ડઝન જેટલી નવલકથા લખનાર હરિહરનું નામ ભલે સાહિત્ય જગતમાં આદરથી લેવાતું હતું પણ બે પાંદડે થવાનું તેની કિસ્મતમાં કદાચ નહોતું.

એક દિવસ કૃતિ ઘરે આવી રહી હતી. અચાનક રસ્તામાં તેની સ્કૂલની ફ્રેન્ડ નેહા મળી ગઈ. નેહાનું ઘર સામે જ હતું. નેહા આગ્રહ કરીને કૃતિને તેના ઘરે લઈ ગઈ. નેહાનો લકઝુરીયસ ફ્લેટ જોઈને કૃતિથી બોલાઈ ગયું.... 'નેહા તારા હસબન્ડ તો બહુ મોટા બીઝમેસમેન લાગે છે.'

'હા... કૃતિ..... રામચંદાણી એન્ડ કંપનીના માલિક જયચંદ રામચંદાણી એટલે મારા પતિ. તેઓ પ્રકાશક અને પુસ્તક વિક્રેતા છે.'

'નેહા.... મારા પતિ લેખક છે એટલે મને ખબર છે કે આ લાઈનમાં લેખકોનું બહુ ઓછું વળતર મળતું હોય છે.'

'નેહાએ કૃતિના કાનમાં ધીમેથી કહ્યું, કૃતિ બે ત્રણ લેખકો તો ખાનગીમાં પોર્નોગ્રાફીક લખીને મારા પતિ પાસેથી સારું વળતર મેળવી લે છે.'

'નેહા... મારા પતિ તો આવા ગંદા કામમાં હાથ જ ન નાખે.'

નેહાને ઘરે શરબત પીધા બાદ કૃતિ હરિહરને આ વાત કહેવાનાં ફુલ મૂડ સાથે ઘરે આવી હતી. કૃતિએ નોક કર્યા વગર જ મકાનનો અધખુલ્લો દરવાજો ખોલ્યો ત્યારે હરિહર તાડૂકી ઉઠયો હતો...

'કૃતિ લેખને લખતી વખતે એકાંતની જરૂર હોય છે જેથી તે તેના 'ભાવવિશ્વ' માં વિહરી શકે.'

હરિહરને અચાનક ગુસ્સે થયેલો જોઈને કૃતિ ડઘાઈ ગઈ હતી. કૃતિનું ધ્યાન એકાએક હરિહરનાં રાઈટીંગ ટેબલ પર પડેલાં કામુક પુસ્તક પર પડયું હતું. એ અંગ્રેજી ખુલ્લા પુસ્તકમાં દેખાઈ રહેલો કામુક ફોટો જોઈને કૃતિ સમસમી ગઈ હતી. તેને શંકા પણ પડી હતી કે પેલા જયચંદ રામચંદાણીએ તેનાં પતિને પણ જાળમાં ફસાવ્યો લાગે છે. કૃતિ નારાજ થઈનેઆંખમાં આંસુ સાથે રસોડામાં જતી રહી હતી. કૃતિની નારાજગીને કારણે હરિહરને પોતાની ભૂલ સમજાઈ ગઈ. તે તરત જ રસોડામાં કૃતિની પાછળ આવી પહોંચ્યો.

'સોરી... કૃતિ.. આઈ એમ એક્સટ્રીમલી સોરી. મારી આગલી પત્ની વિભા પણ મારી આ ટેવને કારણે જ મને છોડીને જતી રહી હતી. હવે કોઈપણ સંજોગોમાં હું તને ગુમાવવા નથી માંગતો.' હરિહરનાં અવાજમાં

સચ્ચાઈનો રણકાર હતો. કૃતિ હજુ પણ અવઢવમાં જ ઉભી હતી. હરિહર તરત જ કૃતિનો હાથ પકડીને તેને રૂમમાં લઈ આવ્યો. હરિહરે ટેબલ પર તેનાં લખેલા અશ્લિલ લખાણવાળા તમામ કાગળો તથા પેલું અંગ્રેજી પુસ્તક પણ ફાડી નાખ્યું. ત્યાં જ ડોરબેલ વાગી. કુરીયરવાળા છોકરાએ એક કવર આપ્યું. કવરની પાછળ મોકલનાર તરીકે જયચંદ રામચંદાણીનું નામ સ્પષ્ટપણે વંચાતું હતું. હરિહરે કવર ખોલીને તેમાંથી નીકળેલ ચેકને પણ ફાડી નાખ્યો.

હવે કૃતિને ખાતરી થઈ ગઈ કે અવળે માર્ગે ચડી ગયેલો તેનો લેખક પતિ સીધા રસ્તો આવી ગયો છે. કૃતિ પ્રેમથી હરિહરને વળગી પડી. બંનેના મૌન અને સાનિધ્ય વચ્ચે સંવાદનો સેતુ રચાઈ રહ્યો હતો. લેખક મહાશયને તેનું 'ભાવવિશ્વ' મળી ગયું હતું. **(સંકલન)**

## મોહે રંગ દે

**અન્વી નિલેશ દેસાઈ (તેલવાલા)**



# પ્રકૃતિ શિક્ષણ શિબિર સંચાલક

- પ્રશાંત સુરેશચંદ્ર પરીખ (લક્ડાપારેખ)

પ્રત્યેક શિબિરના સંપૂર્ણ જવાબદાર અને વ્યવસ્થાપક તરીકે શિબિરનો એક સર્વોચ્ચ અધિકારી હોવો જોઈએ, જે શિબિર સંચાલક તરીકે ઓળખી શકાય. શિબિરની શરૂઆતથી અંત સુધીની તમામ પ્રકારની વ્યવસ્થા વન પરિભ્રમણ અને પ્રશિક્ષણ કાર્યક્રમની જવાબદારી તેને નિભાવવાની રહે. શિબિરને લગતી તમામ કામગીરી તેની સુચનાનુસાર થવી જોઈએ. એનાથી ઉપરી અધિકારીઓ (ખાતાના અધિકારીઓ, શાળાનાં પ્રિન્સીપાલ વગેરે) જો કોઈ સૂચના આપવા માગતા હોય તો તે પણ તેમણે શિબિરાર્થીઓને બારોબાર ન આપતાં શિબિર સંચાલક મારફત જ આપવી જોઈએ, જેથી શિબિરાર્થીઓ આગળ સંચાલકની સત્તા ઝાંખી ન પડે, તેમનું વર્ચસ્વ ઓછું ન જણાય અને પાછળથી કોઈ અવ્યવસ્થા ન થાય.

૧ **સહાયક સંચાલક :** મોટાભાગે શિબિરના કાર્યક્રમ સળંગ વધુ દિવસો માટે અને દુર્ગમ વિસ્તારોમાં ગોઠવાય છે, તેવા સમયે સંચાલકને મદદરૂપ થાય તેવા એક સહાયક સંચાલકની નિમણુંક કરવી જોઈએ. માંદગી અથવા અન્ય જરૂરી કામ સબબ શિબિર સંચાલકને અનિવાર્યપણે શિબિર બહાર જવું પડે કે રાત રોકાવું પડે, ત્યારે સહાયક સંચાલક તમામ જવાબદારી ઉપાડી શકે.

૨. **શિબિર સંલાલકના ગુણો :** 'પ્રકૃતિ શિક્ષણ' એ અન્ય વિષયના શિક્ષણ જેટલું સરળ નથી. ઉચ્ચ શારીરિક અને માનસિકગુણો ધરાવતો સંચાલક જ શિબિરાર્થીઓના મન અને અંતરના પ્રકૃતિ પ્રત્યે પ્રેમ અને લાગણી પેદી કરી શકે અને તેમ થાય તો જ પ્રકૃતિ શિક્ષણ આપવું સાર્થક અને સફળ ગણાય.

**(અ) શારીરિક ગુણો :** શિબિર દરમ્યાન વન પરિભ્રમણ, કેમ્પફાયર, ભોજન અને વિવિધ પ્રવૃત્તિઓ ચોવીસ કલાક સતત ધ્યાન રાખવાથી વ્યવસ્થિત ચાલી શકે છે. શ્રેષ્ઠ પરિણામો માટે શિબિર સંચાલકે શિબિરાર્થીઓ સાથે સતત હાજર રહેવું પડે છે. લાંબા અંતર સુધી ચાલવાનું, સતત સુચનાઓ આપવા બોલતા રહેવું પડતું હોવાથી સખત પરિશ્રમ કરવો પડે છે. આવા સમયે સ્વસ્થ નિરોગી, શક્તિવાન અને દમદાર વ્યક્તિ જ થાક્યા વગર કલાકો સુધી કામ કરી શકે છે.

શિબિર સંચાલક ઉંઘની બાબતમાં લઘુ નિંદ્રાવાળો હોવો જોઈએ. શિબિરાર્થીઓને સવારે વહેલા ઉઠવું પડે છે અને રાત્રે મોડા સુધી કેમ્પફાયર વગેરે કાર્યક્રમો ચાલતાં રહે છે. આ માટે શિબિર સંચાલકે તેમના પહેલાં ઉઠવું પડે અને બધાના સુઈ ગયા બાદ સુવુ પડે છે. આમ, શિબિર સંચાલક સરેરાશ સાડાચારથી પાંચ કલાક કરતાં વધુ ઉંઘ લઈ શકતો નથી.

**(બ) માનસિક ગુણો :**

૧. શિબિર સંચાલકની ધ્યેય નિષ્ઠા અને અભિરૂચિ અત્યંત ઉચ્ચ કોટીના હોવા જોઈએ.
૨. પ્રકૃતિ શિક્ષણ અને કિશોરોના વ્યક્તિત્વ વિકાસમાં પુરેપુરો રસ અને જાણકારી હોવી જોઈએ.
૩. શિબિર દરમ્યાન વિવિધ પ્રકારના કામો અને અલગ-અલગ સ્તરની વ્યક્તિઓ સાથે કામ લેવું પડતું હોય છે. આ માટે યોગ્ય અને ઝડપી નિર્ણય લેવાની આવડત હોવી જરૂરી છે.
૪. શિબિર સંચાલકે શિબિરાર્થીઓ પાસે સમયપાલન અને શિસ્તપાલન રખાવવું પડે છે. શિબિર સંચાલક સ્વયં આ ગુણો ધરાવતો હોય તો કોઈપણ છુટછાટ આપ્યા વગર નિષ્પક્ષ રહી આ ગુણોનું પાલન સરળતાથી કરાવી શકશે.
૫. વાક્પટુતા, સ્પષ્ટવકતાપણું અને સંભાષણ કળા શિબિર દરમ્યાન રોજ-બરોજના દરેક પ્રકારના વ્યવહાર માટે જરૂરી બને છે. આ ગુણો ધરાવનાર

શિબિર સંચાલક શિબિર રમણીય, આનંદમય અને જીવંત બનાવી શકે છે.

૬. નિરાભીમાની, નિર્વ્યસન અને આસ્તિક શિબિર સંચાલકનો પ્રભાવ શિબિરાર્થીઓ પર હકારાત્મક પડશે અન તેને બધા અનુસરસે.

૭. ઉત્સાહ, હસમુખો સ્વભાવ અને મિલનસાર શિબિર સંચાલક શિબિર કંટાળાજનક અને સુસ્ત થવા નહીં દે.

૮. કોઈપણ કામના સારા પરિણામો શ્રધ્ધા અને સંકલ્પ દ્વારા જ પ્રાપ્ત થઈ શકે, ફક્ત પ્રક્રિયા દ્વારા નહીં. જે શિબિર સંચાલકમાં આત્મવિશ્વાસ અને શ્રદ્ધા હશે તે સંકલ્પ સિદ્ધ માટે સતત પ્રયત્નશીલ રહેશે.

૯. શિબિર સંચાલક નિસ્વાર્થ, ઉદાર અને નિષ્પક્ષ હશે તો તેના પ્રત્યે શિબિરાર્થીઓને માન ઉપજશે અને શિસ્તપાલનમાં મુશ્કેલી નહીં પડે.

૧૦.શિબિર સંચાલક હિંમતવાન, નિર્ભય અને દૃઢ મનોબળવાળો હોવો જોઈએ.

## પ્રકૃતિ શિબિરના પ્રશિક્ષકો / રીસોર્સપર્સન

શિબિર દરમ્યાન શિબિર સંચાલક કરતાં પણ વધુ જવાબદારીઓ અને મહત્ત્વનો રોલ પ્રશિક્ષકોનો રહે છે. શિબિરમાં આવતાં શિબિરાર્થી પોતાના ઘર અને વાતવરણથી અલગ નવા વાતાવરણમાં પ્રવેશે છે ત્યારે તેનામાં શરમ, સંકોચ, કૂતુહલ અને નવિનતાના ભાવ પ્રગટે છે. શિબિરમાં આવવા માટેનાં હેતુથી તે પરિચિત હોતાં નથી, ઉપરાંત દરેક શિબિર નિયત સમયગાળા પુરતી હોયછે. મોટભાગે શિબિરમાં આવેલ શિબિરાર્થી ત્યાર પછી ફરીથી સંપર્કમાં આવતાં નથી. આવી પરિસ્થિતિમાં શિબિરાર્થીમાં આત્મિયતા કેળવવી, તેમની કુતુહલતાના અને જીજ્ઞાસાને સંતોષવી, તેમનો આત્મવિશ્વાસ કેળવવો અને તેમની નિરીક્ષણ વૃત્તિને પ્રોત્સાહિત કરવા જેવા લક્ષ્યો પ્રશિક્ષકે સિદ્ધ કરવાના હોય છે. આ બધામાં મહત્ત્વનું લક્ષ્ય તે શિબિરનો હેતુ સિદ્ધ થાય તેવો સંદેશ આપવાનો અને તેનું દઢીકરણ કરવાનો હોય છે. શિબિરની અસરકારતા અને સફળતાનો આધાર પ્રશિક્ષક પર હોય છે.

આગળ આપણે શિબિર સંચાલકની લાયકાતઅને ગુણો જોયા તે મુજબ પ્રશિક્ષક રીસોર્સપર્સનમાં પણ હોવા જરૂરી છે. વધુમાં પ્રશિક્ષકને શિબિરાર્થી સાથે સતત સંપર્કમાં રહી ઈચ્છિત પરિણામ સુધી પહોંચવાનું હોય છે. તે માટે પ્રશિક્ષકે શિબિર સંચાલન સમયે નીચેની બાબતોનું ખાસ ધ્યાન રાખવું જોઈએ.

૧. પ્રશિક્ષક/રીસોર્સપર્સન પોતે એક શિબિરાર્થી જેટલું જ જ્ઞાન અને દરજ્જો ધરાવે છે. તેવી ભૂમિકા ભજવી શિબિરાર્થીઓને તેવું લાગવા દેવું. આત્મયીતા મેળવવા આ જરૂરી છે.

૨. શિબિર દરમ્યાન કેવા કેવા અનુભવ, કેવી રીતે જાણકારી અને કેવો આનંદ મળશે તે બાબતે શિબિરની શરૂઆતમાં માહિતી આપવી.

૩. શિબિર પૂર્ણ થયે શિબિરાર્થીઓને કેવા અનુભવ અને કેટલી જાણકારી પ્રાપ્ત થઈ તે પૂછવામાં આવશે તેવું જાહેર કરવું.

૪. શિબિર દરમ્યાન તમામ શિબિરાર્થીઓને સરખું મહત્ત્વ આપવું. ખાસ આવડત કે જાણકારી ધરાવનાર વ્યક્તિને મદદમાં લઈ શકાય.

૫. કોઈપણ વિષય ઉપર લાંબા વકતવ્યો ન આપતાં ટૂંકાણમાં અને જરૂર પૂરતું કથન કરવું.

૬. મોટાભાગની માહિતી નિર્દેશન, સ્વઅધ્યન અને જૂથ બનાવી પ્રવૃત્તિઓ કરાવીને તે દ્વારા આપવી.

૭. શરમાળ કે સંકોચશીલ શિબિરાર્થી પાસે વ્યક્તિગત અભિવ્યક્તિ કે પ્રવૃત્તિનો વિશેષ આગ્રહ ન રાખવો.

૮. દરેક શિબિરાર્થીને માન અને તક આપો, ભલે પછી તે બાળક હોય કે કોઈપણ કક્ષાનો વ્યક્તિ

હોય.

૯. કોઈપણ શિબિરાર્થી શિબિર દરમ્યાન પ્રશ્નો કે કોઈ પ્રવૃત્તિ કરાવવાની સુચનાથી લઘુતા ન અનુભવે તેનું ધ્યાન રાખો.

૧૦. શિબિર પુરી થયા પછી અમુક આદતો પર કાબુ રાખવો. તમામ શિબિરાર્થીને સુચના આપો. પાલન કરાવવા વધુ પડતાં દબાણ ન કરતાં સામાન્ય છુટછાટ લેવા દેવી.

૧૧. શિબિરાર્થી પાસેથી શિબિર દરમયાન નવા ગીતો, નવી રમતો, નવી પ્રવૃત્તિઓ, નવી વાર્તાઓ, નવી જાણકારીઓ રજુ કરવા પ્રોત્સાહિત કરો, જેનાથી તેઓ શિબિરમાં ભાગ લીધાનો આનંદ માણી શકે.

૧૨. 'આ શિબિર વધુ ઉપયોગી, સગવડતાભરી અને સંદેશાત્મક બનાવવા શું શું થઈ શકે ?' તેવા પ્રશ્ન પુછી દરેકના અનુભવો અને અભિપ્રાયોને ધ્યાનમાં લો જેથી તેમની સહભાગીતામાં વધારો થશે અને સંદેશ દ્રઢીકરણ થશે.

૧૩. ઓડિયો-વિડિયો સાધનોનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવો. શિબિરને આનુષંગિક બાબતો માટે જ ઉપયોગમાં લેવા. ઓડિયો-વિડિયોના ઉપયોગનો અતિરેક ન થાય તે માટે જાગૃત રહો.

૧૪. શિબિરની શરૂઆત ધ્યાન અને સર્વધર્મ પ્રાર્થનાથી કરી શકાય. જેનાથી સમુહનું મન શાંત અને એકાગ્ર બને. સાથે-સાથે ગંભીરતા અને જૂથ ભાવના ઉભી થાય.

૧૫. શિબિર દરમ્યાન સતત સક્રિય, વિવિધતાભર્યું અને પ્રવત્તિમય વાતાવરણ રાખવું. સમુહ કંટાળે ત્યારે બાલગીત, અભિનયગીત કે સમુહગીત ગવડાવો, દાન કરાવવું.

૧૬. સમગ્ર કાર્યક્રમ કે સત્રનું આયોજન અગાઉથી કરી દેવું. કાગળમાં નોંધ કરી તે મુજબ આયોજન કરી કાર્યક્રમ સંચાલનકરવું.

૧૭. શિબિરાર્થીઓનો સંકોચ દૂર કરવા સતત હકારાત્મક ઉત્તેજકોનો ઉપયોગ કરો. દરેકના સારા કામના, સારા ગુણના વખાણ કરો અને ભરપૂર ઉત્સાહ આપો.

૧૮. નિર્દોષ હસી મજાકથી વાતાવરણને હળવું બનાવતા રહો. વ્યક્તિગત ટીકા કે કટાક્ષો ન કરવા અને ન કરવા દેવા.

૧૯. બધાં જ શિબિરાર્થીઓ પ્રત્યે આત્મીયતાથી વર્તો. તેમની સગવડ કે મુંઝવણને નિવારવા શક્ય પ્રયત્ન કરો.

૨૦. બધા જ શિબિરાર્થી સાથે સમાન ભાવે વર્તો. તેમની સાથેના વર્તનમાં કે કામગીરી સોંપવામાં પક્ષપાત ન કરો.

૨૧. કોઈપણ શિબિરાર્થીના નકારાત્મક વલણને સમૂહમાં ઉતારી ન પાડો, પણ એ વલણને જાહેરમાં મૂકીને તે વિચારને નવી રીતે રજુ કરતાં શીખવા કોશિશ કરો. તેની હકારાત્મક બાજુની


।। શ્રી ગોકુલેશો જયતિ ।।



**શ્રી ગોવિંદ જ્યોતિષ કાર્યાલય**

**જયો. કર્તા : પુરાણી હેમંતકુમાર રામકૃષ્ણ**

(બી.એ.વીથ સંસ્કૃત) (જયોતિષ વિશારદ મુંબઈ)

**જયોતિષ, લગ્ન,વાસ્તુ, નવચંડી તથા મહાપુજાનું વેદોક્ત તથા પુરાણોકત સંતોષકારક કાર્ય કરનાર**

**એડ્રેસ :** ૩/૭૦, કૈલાસ કો. ઓ. સોસાયટી, રામબાગ લેન, ઓફ.એસ.વી. રોડ, શાસ્ત્રીનગર, બોરીવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૯૨.

**(૧) ટે. નં. (ઘર) : ૨૮૬૨૩૫૧૭**

**(૨) મોબાઈલ : ૯૮૯૨૬૨૧૧૮૭**

પણ ચર્ચા કરો.

૨૨. શિબિરાર્થી સાથે કે શિબિરાર્થીઓ વચ્ચે કોઈપણ મુદ્દા પર વાદ-વિવાદ કે ઉગ્ર ચર્ચા ન કરવી કે ન થવા દેવી. ચર્ચામાં જીત મેળવવાની કોશિશ ન કરવી.

૨૩. પ્રશિક્ષક સ્વયં શિબિર કાર્યક્રમમાં ઓતપ્રોત થાય તે જરૂરી છે. તમારામાં શંકા-કુશંકા, અવઢવ કે લગાવનો અભાવ હશે તો તમે આત્મવિશ્વાસ પૂર્વક શિબિર સંપન્ન નહીં કરી શકો અને શિબિર હેતુ સિદ્ધિમાં અડચણો આવશે.

૨૪. શિબિરાર્થી પ્રશ્નો પૂછે ત્યારે ગુસ્સે ન થાઓ. પ્રશ્નોના ઉત્તર ન આવડે તો ખોટા ઉત્તર ન આપો કે ટાળો નહીં, ધીરજથી જવાબ આપો. ઉત્તર ન આવડે તો સ્પષ્ટ ના પાડો. પ્રશ્નોથી કાર્યક્રમમાં રૂકાવટ ના પાડો. પ્રશ્નોથી કાર્યક્રમમાં રૂકાવટ આવતી હોય તો પ્રશ્નો માટેનો કોઈ સમય નિશ્ચિત કરો અને તે સમયે પ્રશ્નોત્તરી કાર્યક્રમ રાખો.

૨૫. શક્ય હોય તે પ્રવૃત્તિ માટે સમતોલ જૂથ પાડવાનો આગ્રહ રાખો. જૂથ કાર્ય વખતે દરેક જૂથને પુરતું માર્ગદર્શન આપો.જૂથ કાર્યનું રસપૂર્વક અવલોકન કરો. તમારી હાજરી અને માર્ગદર્શન પ્રોત્સાહક બનશે.

**અંતે યાદ રાખો કે :**

તમે વ્યવસ્થાપક છો, માર્ગદર્શક છો અને સમીક્ષક છો. તમારી તૈયારી, આત્મવિશ્વાસ, દ્રઢતા, સમભાવ, લાગણી અને સૌજન્ય તમને સફળ પ્રશિક્ષક બનાવશે.

એક પ્રશિક્ષકમાં શિબિરાર્થીઓ પ્રત્યે, સમાજ પ્રત્યે અને પ્રકૃતિ પ્રત્યે પ્રતિબદ્ધતા અને નિષ્ઠા હોવી જરૂરી છે. **(સંકલન)**

NNN

|| Jay Jay Shree Gokulesh ||

Atul Kadakia
98193 48001 / 70210 44631

Nihar Kadakia
98330 36101 / 83692 44852

FLAT 18% OFF

LYFE MEDICO
CHEMIST & DRUGGIST

REACH US FOR
BABY PRODUCTS, SURGICAL ITEMS, AYURVEDIC & GENERIC MEDICINES, NUTRITION SUPPLEMENTS, DIABETIC MONITORS, BP MONITORS ETC.

WE ACCEPT & PAYMENT THROUGH
G Pay paytm

FREE HOME DELIVERY

Address : 7, Narayan Wadi, 86-88 B, Khadilkar Road, Mumbai - 400 004 - Phone : 022 67470086
Email : lyfemedico@gmail.com

## શ્રી ગુણવંત શાહે કહેલું

લોન ઉપર લીધેલી ખુશીઓના હપ્તા ગણતી વખતે
કોઈ ખભા પર હાથ મૂકીને 'ભરાઈ જશે' એવું કહે...
ત્યારે જિંદગી જીવવા જેવી લાગે છે !
ના પાડયા પછી પણ પરાણે એક કોળીયો મોઢામાં મૂકી
કોઈ નજીકનો ખાસ મિત્ર 'ખવાય જશે' એવું કહે...
ત્યારે જિંદગી જીવવા જેવી લાગે છે !
જ્યારે વર્ષો જુનો મિત્ર ફોન કરીને કહે કે-
'ચાલને યાર, એકવાર પાછા મળીએ...'
ત્યારે જિંદગી જીવવા જેવી લાગે છે !
જ્યારે કોઈ સાંજે ઉદાસ હોઈએ, ને આરતી ટાણે મંદિરમાં
એક 'પ્રાર્થના' સાંભળીએ....
ત્યારે જિંદગી જીવવા જેવી લાગે છે !
બે ટંક અનાજ માટે ફૂટપાથ પર બેસીને,
'ફૂલો વેચતી' કોઈ બીજા ની જિંદગી જોઈએ...
ત્યારે આપણી જિંદગી જીવવા જેવી લાગે છે !
હોસ્પિટલના ખાટલા પર 'મૃત્યુ સમયે' તલવારો ખેંચતી,
કોઈ બીજાની જિંદગી જોઈએ....
ત્યારે આપણી જિંદગી જીવવા જેવી લાગે છે !
આ કવિતા વાંચીને,
તમારા ચહેરા પર 'સ્મિત' આવી જાય....
ત્યારે મને મારી જિંદગી જીવવા જેવી લાગે છે !
... ચાલને જીવી લઈએ જિંદગી
કારણ.... ? ? ?
જિંદગી જીવવા જેવી લાગે છે !

## નવી કહેવતો

- રાજેશ કડકીઆ

J માણસ માત્ર માસ્કને પાત્ર
J જાગ્યા ત્યાંથી... હાથ ધૂઓ
J ઝાઝા ટેસ્ટ રળિયામણા
J હોઠ સાજા તો માસ્કથી ઢાંકયા
J જેટલા મોં એટલા ઈલાજ
J બાર ગાઉએ ઝોન બદલાય
J પ્રભાતે આંકડા દર્શનમ્ !
J નવો દરદી નવ વાર હાથ ધૂએ
J જીવતો નર 'નેગેટિવ' પામે
J ઘેર ઘેર કોરોનાના ઉકાળા
J વેન્ટિલેટરનાં નીવડયે વખાણ
J ડોશી મર્યાનો ભો નથી,
કોરોના ભાળી ગયાનો ડર છે.
J ઝાઝા કેસ ઝોન બગાડે
J ઘરનાં છોકરાં સાબુ વાપરે,
ને કામવાળીને સેનિટાઈઝર
J પોઝિટીવ સાથે નેગેટિવ જાય,
કોરોના નહીં તો ફ્લુ થાય.
J સો દહાડા સેનિટાઈઝરના,
એક દહાડો કોરોનાનો.
J પોઝિટીવનાં પાપ છાપરે ચડીને પોકારે.
J લેવા ગયા'તા દુપટ્ટા
લઈને આયા માસ્ક
J સિવિલમાં સો બિમારી.
પ્રાઈવેટમાં ખિસ્સા ખાલી.
J 'આપ' ભલા તો 'કોરોના' ભી ભલા !

# આત્મસન્માન

એક કલાસરૂમમાં અચાનક એક વિદ્યાર્થી ઊભો થયો અને તેણે પ્રોફેસરને કહ્યું કે, જન્મદિવસ પર પિતાજીએ ગિફ્ટમાં આપેલી કિંમતી ઘડિયાળ કોઈએ ચોરી લીધી છે. આ સાંભળી પ્રોફેસરે બધાને પોતની આંખો પર પટ્ટી બાંધીને એક લાઈનમાં ઊભા રહેવા કહ્યું પછી પ્રોફેસરે બધાના ખિસ્સા તપાસવાનું શરૂ કર્યું. થોડી જ વારમાં એક છોકરાના ખિસ્સામાંથી ઘડિયાળ મળી ગઈ. પ્રોફેસરે ચુપચાપ તે ઘડિયાળ લઈને તેના માલિકને આપી દીધી. પ્રોફેસરે કોઈને કંઈ જ ન કહ્યું. બધાની આંખો પર પટ્ટી હોવાને કારણે કોઈને કંઈ ખબર ન પડી કે ઘડિયાળ કોણે ચોરી હતી. પછીના બે-ત્રણ દિવસ સુધી ઘડિયાળ ચોરનાર છોકરો ગભરાતો રહ્યો કે તેની ચોરીની જાણ બધાને થઈ જશે, પણ કોઈને ખબર ન પડી. થોડા મહિનાઓમાં બધા વિદ્યાર્થીઓ અભ્યાસ પૂરો કરીને કોલેજમાંથી ચાલ્યા ગયા. બહુ વર્ષો પછી કોલેજમાં જૂના વિદ્યાર્થી ઓનો રીયૂનિયન કાર્યક્રમ હતો. એ વિદ્યાર્થી કે જેણે ચોરી કરી હતી, હવે એક મોટો ઉદ્યોગપતિ બની ગયો હતો. તે પોતાના પ્રોફેસર પાસે ગયો. તેણે પ્રોફેસરને કહ્યું,'મારા જીવન પર તમારું ઋણ છે. આજે હું જીવું છું તો તે તમારા જ કારણે. પ્રોફેસરેઆવું કહેવાનું કારણ પૂછયું તો તે વિદ્યાર્થીએ કહ્યું,'સર, એકવાર તમારા વર્ગમાં એક ઘડિયાળ ચોરાઈ હતી ત્યારે તમે બધાની આંખો પર પટ્ટી બંધાવીને બધાના ખિસ્સા તપાસ્યા હતા. એ દિવસે આબરૂ જવાના ડરે મેં નક્કી કરી લીધું હતું કેજો બધાને ખબર પડી જશે તો હું આત્મહત્યા કરી લઈશ. તે ઘડિયાળ મારા ખિસ્સામાંથી મળી પરંતુ તે અંગે તમે કોઈને ન કહ્યું. તમે મને માફ કરીને મારી આબરૂ સાચવી લીધી.

પ્રોફેસરે કહ્યું,'હું નહોતો જાણતો કે તેં લીધી હતી. મેં તમારા બધાની આંખે પટ્ટી બાંધવાની સાથે મારી આંખ પર પટ્ટી બાંધી દીધી હતી. હું નહોતો ઈચ્છતો કે મને ખબર પડે કે મારા કયા વિદ્યાર્થીએ આ કામ કર્યું છે. જેથી તે વિદ્યાર્થી મારી નજરમાંથી ઉતરી જાય' આ સાંભળીને તે છોકરો નતમસ્તક થઈ ગયો. કોઈની ભૂલ ખબર પડવા પર તેનું અપમાન કરવું. નિંદા કરવી અને સજા આપવી સામાન્ય વાત છે. પરંતુ તેની ભૂલ માફ કરીને તેનું આત્મસન્માન બચાવવાની તક આપવી મહાનતા છે.

મેનેજમેન્ટનો સિદ્ધાંત છે કે પ્રશંસા બધાની વચ્ચે કરો અને નિંદા એકલામાં. માફ કરવું અને માફી માંગવી બંને શક્તિશાળી લોકોનું કામ છે.

NNN



NIRAV
Photo Arts

• HD VIDEO SHOOTING • PHOTOGRAPHY
• DESIGNER ALBUM • ONLINE VISION MIXING
• CANDID & PRE WEDDING PHOTOSHOOT & CINEMATOGRAPHY
• STUDIO SETUP • VIDEO HIGHLIGHT
• NEW PHANTOM HELICAM SHOOT • JIMMY JIB
• PRODUCT SHOOT • LED WALL • SCREEN PROJECTOR
• CUTOUT BANNAR WITH DESIGNING WITH STAND

Nirav Parekh / Harshad Parekh
9322515351 / 28282773 / 9821376776

304 A, Sai Dham, L.T.Road, Opp. Fish Market, Dahisar (West), Mumbai- 400 068. INDIA. Mobile : 9322515351 / 9821376776
E-mail : niravphoto@yahoo.com

# હિંડોળા ખાટ

## વનવગડાના પ્રેમીઓ માટે રોમાંચક પ્રશ્નો. દરેક પ્રશ્નનાં યોગ્ય પર્યાય શોધો.



૧) કાંગારૂ કયા દેશનું રાષ્ટ્રીય પ્રાણી છે ?
(ક) ઓસ્ટ્રેલીયા (ખ) ન્યુઝીલેન્ડ (ગ) આફ્રિકા

૨) ભારતનું પ્રથમ રાષ્ટ્રીય ઉદ્યાન-જીમ કોર્બેટ રાષ્ટ્રીય ઉદ્યાન ક્યાં આવેલું છે ?
(ક) બંગાળ (ખ) ઉત્તરાખંડ (ગ) જુનાગઢ

૩) સિંહ મોટે ભાગે કયા સમયે ગર્જના કરતાં હોય છે ?
(ક) વહેલી સવારે (ખ) ભર બપોરે (ગ) સૂર્યાસ્ત પછીના એક કલાકમાં



૪) કોરલ (પરવાળા) તથા પર્લ (મોતી) ઝવેરાતમાં વપરાયછે તે કયા જીવો છે ?
(ક) જમીનના (ખ) દરિયાઈ (૩) રણ પ્રદેશનાં

૫) મરેલા પ્રણીઓને સાચવવા માટે મસાલો ભરીને સાચવવાની કળાને શું કહેવાય ?
(ક) ટેક્સીડરમી (ખ) ઈથોલોજી (ગ) નેક્ટોન

૬) કયા હરણને મારીને તેના કસ્તુરીનો ઉપયોગ પરફ્યુમ તરીકે થાય છે ?
(ક) છિંકારુ (બ) કસ્તુરી મૃગ (ગ) ચૌશિંગા

૭) જુનાગઢ ખાતેનું સૌથી જુનું સક્કરબાગ પ્રાણી સંગ્રાહલયની સ્થાપના કઈ સાલમાં થઈ હતી ?
(ક) ૧૯૬૩ (ખ) ૧૯૩૬ (ગ) ૧૮૬૩



૮) જાયન્ટ પાંડા શુ ખાય છે ?
(ક) વાંસ (ખ) થોર (ગ) મધપૂડા

૯) કયા પ્રાણીને સૌ પ્રથમ અવકાશમાં મોકલવામાં આવ્યું હતું ?
(ક) વાંદરો (ખ) સસલું (૩) કૂતરો

૧૦) રીંછની કઈ જ્ઞાનેન્દ્રિય તીવ્ર સારી હોય છે ?
(ક) સુંઘવાની (ખ) જોવાની (ગ) સાંભળવાની

૧૧) કયા વાનરને સૌથી વધુ વિકસિત મગજ હોય છે ?
(ક) ગોરીલા (ખ) ચિમ્પાઝી (ગ) લંગુર

૧૨) ભારતમાં સૌથી સારુ ગાયક પક્ષી કયુ ગણાય છે ?
(ક) કોયલ (ખ) શામા (ગ) પોપટ



૧૩) સૌથી નાનો માળો કયા પક્ષીનો હોય છે ?
(ક) ટીટોડી (ખ) પેલીકન (ગ) હમીંગ બર્ડ

૧૪) પોપટમાં સૌથી સારી વાતો કોણ કરે છે ?
(ક) ભારતનો ગ્રીન પોપટ (ખ) આફ્રિકાનો ગ્રે પોપટ (ગ) અમેરિકાનો રેડ પોપટ

૧૫) દુનિયાનું સૌથી રમતિયાળ પ્રાણી કયું છે ?
(ક) ડોલ્ફીન (ખ) હેલીબુટ (ગ) ધ્રુવીય પેગ્વિન

જવાબ : ક-૧, ખ-૨, ગ-૩, ખ-૪, ક-૫, ખ-૬, ગ-૭, ક-૮, ગ-૯, ક-૧૦, ખ-૧૧, ખ-૧૨, ગ-૧૩, ખ-૧૪, ક-૧૫

# ચિત્તલ / પશુ (Spotted Deer)

## વન્ય પ્રાણીઓનો પરિચય



**સ્થાનિક નામ** : ચિત્તલ કે ચિત્તળ, ચિત્રા, પશુ

**શારીરિક રચના અને જીવનચક્ર**

**વજન** : ૬૦-૯૦ કિ.ગ્રા.

**ઊંચાઈ** : ૫૫-૯૦ સે.મી. (શિંગડા-૮૫ સે.મી.)

**શિંગડા** : ૮૫ સે.મી.

**ગર્ભકાળ** : ૨૧૦-૨૨૫ દિવસ, વર્ષમાં બે વાર

**આયુષ્ય** : ૧૫-૨૦ વર્ષ

**પ્રજનન** : વર્ષમાં કોઈપણ સમયે

**દેખાવ** : ચિત્તલ હરણ કુળનું સૌથી સુંદર પ્રાણી છે. સોનેરી ચામડી ઉપર સફેદ ટપકાં તેને અદ્ભૂત સુંદરતા બક્ષે છે. નર ચિત્તલમાં મોટાં શાખાઓવાળાં શિંગડા હોય છે. નવા નીકળેલા શિંગડા ઉપર મખમલ (વેલ્વેટ) હોય છે. શિંગડા પાકટ થતા 'વેલ્વેટ' ઝાડ સાથે ઘસી કાઢી નાંખે છે.

**ખોરાક** : ઘાસ, પાન, ફળ વગેરે

**વ્યાપ** : ભૂતકાળમાં ચિત્તલ વલસાડ, ડાંગ, ભરૂચ, સુરત, પંચમહાલ, સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લાઓમાં તથા બરડા, ગિર અને ગિરનારમાં મળતાં. વર્તમાનમાં તેઓ ગિર, ગિરનાર, મિતિયાળા, હિપ્પાવડલી અને દક્ષિણ ગુજરાતનાં વાંસદાના જંગલોમાં વસે છે. વળી એક નાનું જૂથ દક્ષિણ ગુજરાતના વ્યારાના જંગલોમાં પણ તાજેતરમાં જોવા મળ્યું છે. બરડામાં તેઓને તાજેતરમાં દાખલ કરવામાં આવ્યા છે.

**રહેણાંક** : સૂકાં પાનખર જંગલ અને અર્ધભેજવાળા (સેમિ મોઈસ્ટ) જંગલ.

**વર્તણૂક** : આ પ્રાણી સવારે અને સાંજે જંગલની ધારે અને જંગલ મધ્યે ઘાંસિયા વિસ્તારમાં ચરતા હોય છે. બપોરના સમયે છાંયડામાં આરામ કરતાં જોવા મળે છે. જંગલમાં જ્યાં વાંદરા હોય ત્યાં ચિત્તલ હોવાની શક્યતા રહે છે. રાત્રિના સમયે ખુલ્લા મેદાનમાં સમૂહમાં ચારે દિશા તરફ નજર રહે તે રીતે વર્તુળાકારમાં આરામ કરે છે. જંગલમાં ખરેલાં શિંગડાંથી તેમની ઉપસ્થિતિ જાણી શકાય છે.

**ઉપસ્થિત અંગેના ચિન્હો** : લીલાથી કાળા રંગની લીંડીઓ હોય છે. પગની ખરીના નિશાન,ખરેલાં શિંગડા તેમજ ઝાડ પર શિંગડા ઘસવાના નિશાન પરથી તેમજ ભયસૂચક અવાજ (અલાર્મ કોલ) અને પ્રજનન સાથે સંકળાયેલ આવાજો (રટીંગ કોલ્સ) પરથી

**વસ્તી** :

| | | | | |
|---|---|---|---|---|
| વર્ષ | ૧૯૯૦ | ૧૯૯૫ | ૨૦૨૧ | ૨૦૦૫ |
| સંખ્યા | ૨૭૬૦૦ | ૩૨૦૬૧ | ૪૬૨૧૧ | ૪૩૨૦૦ (ગિરમાં) |

(૬૦-૭૦ ચિત્તળની નાનકડી વસ્તી વાંસદાનાં જંગલ કે તેની આજુબાજુ છે. મિતિયાળા અને હિપ્પાવડલીમાં પણ તેની નાની વસાહતો છે.:

**પાકટ વયના ચિત્તલ ઘેરા અને વધુ કથ્થાઈ રંગના હોય છે. સાંભર કરતા ચિત્તલ ઓછાં નિશાચર હોય છે. ચિત્તલ ૧૦-૩૦ ના ટોળામાં વસે છે, કે જેમાં બે-ત્રણ નર હોય છે. તેઓ માનવ વસાહતોની નજીક જતાં ખચકાતા નથી અને તેથી તેઓ સહેલાઈથી ખેતરોમાં પ્રવેશતા જોવા મળે છે. ચિત્તલ જંગલના અન્ય પ્રાણીઓ ખાસ કરીને વાંદરાઓ સાથે મુક્તપણે ભળતા જોવા મળે છે. ચિત્તલની ગણતરી વિશ્વનાં સુંદર હરણોમાં થાય છે. એક માન્યતા છે કે રામાયણમાં લક્ષ્મણરેખા બદ્ધ સીતાજી જે હરણથી આકર્ષાયા હતા તે ચિત્તલ હતું. સાંબર કરતા ચિત્તલ ઓછા નિશાચર હોય છે.**

# દિપડો (Leopard or Panther)



**સ્થાનિક નામ** : દીપડો, ચિત્તા-વાઘ (ડાંગમા)

**શારીરિક રચના અને જીવનચક્ર**

**લંબાઈ** : ૧૫૦-૨૨૦ સે.મી.

**આયુષ્ય** : ૧૨-૧૫ વર્ષ વન્ય અવસ્થામાં, ૨૦-૨૪ વર્ષ બંધન અવસ્થામાં

**ઉંચાઈ** : ૫૦-૭૫ સે.મી.

**પ્રજનન** : વર્ષ દરમ્યાન કોઈપણ સમય, ૨ બચ્ચાં

**વજન** : **નર** - ૫૦ થી ૭૦ કિ.ગ્રા., **માદા** - ૩૦ થી ૫૦ કિ.ગ્રા.

**ગર્ભકાળ** : ૩ માસ

**પુખ્તતા** : **નર** - ૩ વર્ષ, **માદા** - ૨ - ૨.૫વર્ષ

**દેખાવ** : સોનેરી રંગના શરીર પર કાળા રંગના ગોળાકાર પોલાં ટપકાં

**ખોરાક** : બધાં જ પ્રકારના તૃણાહારી પ્રાણીઓ (હરણ, વાદંરા, સસલા), ક્યારેક પક્ષીઓ (દા.ત. મોર), સરીસૃપો અને જીવડાં પણ ખાય છે.

**વ્યાપ** : ભારતનાં ૨૮ રાજ્યો અને યુનિયન ટેરેટરીઓમાં તે જોવા મળે છે. ગુજરાતના ૧૩ જિલ્લાનાં બધાં જંગલમાં જોવા મળે છે. (ગુજરાતના રણ વિસ્તારમાં તે નથી.)

**રહેણાંક** : પાંખાં જંગલો, ઝાડી, વીડી અને વગડો, પહાડી, પથરાળ વિસ્તારમાં

**વર્તણૂક** : દીપડો જંગલ તથા સીમ એમ ગમે ત્યાં ફરતો જોવા મળી શકે છે. સામાન્યત : સાંજથી સવાર સુધીમાં શિકાર કરે છે, પરંતુ રાત્રે શિકાર ન મળે તો દિવસે પણ શિકાર માટે નીકળે છે. દીપડો, હરણ, વાંદરા, કૂતરાં, મોર, સસલાં, વાછરડા, બકરાં અને ઘેટાનો શિકાર કરે છે. જંગલ પાસેની માનવ વસ્તીવાળા વિસ્તારમાં રાત્રે જોઈ શકાય છે.

**ઉપસ્થિતિ અંગેના ચિન્હો** : દીપડાની ઉપસ્થિતિ પગલાંથી ચોક્કસ ઓળખી શકાય છે. ઝાડના થડ પર નખ ઘસવાના નિશાન તથા અમુક વાર ઝાડ પર અશંતઃ/અડધું ખાધેલું મારણ લટકતું જોવા મળે તેનાથી આ પ્રાણીની ઉપસ્થિતિની ખાત્રી થાય છે. શિકાર કરેલું પ્રાણી મળે અને તેના ગળા પર દાંતના નિશાન હોય પણ ગળાનું હાડકું અકબંધ હોય તો તે શિકાર દીપડાએ કરેલ હશે તેમ માની શકાય. દીપડો ગામ નજીક આવે ત્યારે કૂતરાઓ ભસવા લાગે છે. જંગલમાં જ્યાં વાંદરા હોય ત્યાં દીપડા મળવાની શક્યતા વધુ રહે છે. દીપડાની ગર્જનાથી પણ તેની ઉપસ્થિતિ જાણી શકાય છે. ગુજરાતમાં તેની વસ્તી નીચે મુજબ છે.

**વસ્તી** :

| વર્ષ | ૧૯૯૦ | ૧૯૯૫ | ૨૦૦૨ | ૨૦૦૬ |
|---|---|---|---|---|
| સંખ્યા | ૭૯૬ | ૯૭૬ | ૯૯૯ | ૧૦૬૦ |

આફ્રિકામાં દિપડાની વસ્તી ૫,૦૦,૦૦૦ થી વધુ છે. એશિયામાં તેની સંખ્યા અંદાજે ૨૦,૦૦૦ જેટલી હોવાનું મનાય છે. જે પૈકી અંદાજે ૧૨,૦૦૦ થી ૧૪,૦૦૦ સંખ્યા ભારતમાં છે.

**કાળો દિપડો એ વિશિષ્ટ કે અલગ જાત નથી. મેલેનીન નામે ઓળખાતા રંજક દ્રવ્યની વધુ પડતી હાજરીના કારણે શરીર કાળાશ પકડે છે. કાળો દીપડો કેરાલા, કર્ણાટક અને ઈશાન (ઉત્તર પૂર્વીય) ભારતના રાજ્યોના બારેમાસ લીલા જંગલોમાં જોવા મળે છે. દીપડો માનવ વસાહતોમાં સહેજે આવી જતો હોવાથી તેને માણસની બીક ઓછી લાગે છે. તેથી માનવભક્ષી દીપડો, માનવભક્ષી વાઘ કરતા વધુ ખરતરનાક હોઈ શકે છે. દીપડો પાલતુ કે રખડતા કુતરાઓનો મોટો દુશ્મન છે. દીપડાનો મોટામાં મોટો દુશ્મન વાઘ છે. ગિરમાં દીપડાને સિંહ તરફથી જોખમ રહે છે. જંગલી કૂતરા (ઘોલ) અને ઝરખ પણ દીપડા માટે મુશ્કેલી સર્જી શકે છે. જગતમાં બિડાલ કુળની તમામ જાતિઓની સરખામણીમાં દીપડો મહત્તમ વ્યાપ ધરાવે છે.**

# રીંછ (Sloth Bear)



**સ્થાનિક નામ** : રીંછ, ભાલુ

**શારીરિક રચના અને જીવનચક્ર**

**લંબાઈ** : ૧૫૦ - ૧૬૦ સે.મી.

**વજન** : ૧૧૦-૧૭૦ કિ.ગ્રા.

**ઊંચાઈ** : ૭૦-૧૦૦ સે.મી.

**પુખ્તતા** : ૨-૩ વર્ષ જાન્યુઆરી માસમાં બે બચ્ચાં આપે છે.

**ગર્ભકાળ** : ૭ માસ

**આયુષ્ય** : ૩૫-૪૦ વર્ષ

**પ્રજનન** : ઉનાળા દરમિયાન

**દેખાવ** : આખા શરીર ઉપર (મોઢાના ભાગ સિવાય) લાંબા કાળા વાળ હોય છે.

**ખોરાક** : ફળ, ફૂલ, કંદમૂળ તથા મધ તેમજ વિવિધ જાતના કીટકો અને ઉધઈ.

**વ્યાપ** : ગુજરાત રાજ્યમાં બનાસકાંઠા, પંચમહાલ, દાહોદ અને છોટા ઉદઈપુર તથા સાબરકાંઠાના તથા શૂલપાલેશ્વરના જંગલોમાં જોવા મળે છે. ગુજરાતમાં તેની સંખ્યા ૨૩૦-૨૫૦ જટેલી હશે.

**રહેણાંક** : ગુફાઓ હોય તેવા ખડકાળ જંગલ વિસ્તાર પસંદ કરે છે.

**વર્તણૂક** : આ પ્રાણી ખડકાળ વિસ્તાર અને પાણીની આસપાસ ગીચ જંગલમાં રહેવાનું પસંદ કરે છે. રીંછ નિશાચર પ્રાણી છે. સૂર્યાસ્ત પછી બહાર નીકળે છે. આખી રાત ખોરાક માટે ફરે છે. ખોરાકમાં ફળ, ફૂલ, કંદમૂળ, મધ તથા વિવિધ જાતોના કીટકો પસંદ કરે છે. ઉધઈ તેમનો પ્રિય ખોરાક છે. રીંછ સાંજના સમયે પોતાના રહેઠાણમાંથી બહાર આવ્યા પછી ચોક્કસ સ્થળે પાણી પીવા જાય છે.આ સ્થળ ઉપર રીંછને જોઈ શકાય છે. રાત્રિનાં સમયે જે વિસ્તારમાં વનસ્પતિ અને વધુ ફળ આવેલાં હોય ત્યાં પણ જોઈ શકાય છે. (જેમકે બોરડી, મહુડા, આંબો, જાંબુ વગેરે વૃક્ષો પાસે જોવા મળે છે.) આકાશ વાદળાંથી ઘેરાયેલું હોય ત્યારે દિવસનાં સમયે પણ ફરતું જોવા મળી શકે છે.

**ઉપસ્થિતિ અંગેના ચિન્હો** : પગલાં, ફળના ઠળિયા સાથેની હગાર, ઝાડ પર ચઢવાનાં નિશાનો, ઉધઈનાં તૂટેલા રાફડા, વિખાયેલા મધપૂડા વગેરે ચિન્હોથી રીંછની ઉપસ્થિતિ જાણી શકાય છે. જંગલમાં રીંછનાં માટીમાં આળોટવાથી તેના શરીરનાં વાળ ખરેલા જોવા મળે છે. ખોરાકની શોધમાં નીકળે ત્યારે વુ...ઉ...વુ...ઉ....જેવો અવાજ કાઢે છે.

**રીંછ એક મિશ્રાહારી પ્રાણી છે. સામાન્યઃ તેના ખોરાકમાં મુખ્યત્વે કીટકો અને ફળોનો સમાવેશ થાય છે. તેમના વિશાળકાય શરીરને ટકાવવા પૂરતો ખોરાક મેળવવો જરૂરી છે. જે માટે રીંછ રોજ ઘણું ચાલે છે અને સખત મહેનત કરે છે. રીંછ 'રોક બી' (એપિસ ડોર્સાટા) અને 'ફોરેસ્ટ બી' (એપિસ ઈન્ડિકા) નામની મધમાખીઓના મધપૂડા તોડીને મધ ખાતા જાણમાં છે. કીટકોમાં ઊધઈ તેનો માનીતો ખોરાક છે. વળી જે રીંછ માનવ વસાહત નજીક રહેતા હોય તે વરસાદ પછી શેરડી અને મકાઈ ખાવાનું ચૂકતા નથી. મોકો મળે ત્યાં તાડના ઝાડમાંથી મળતી તાડી પીવાનું ચૂકતા નથી.**

શ્રી ગોકુલેશો જયતિ

## શ્રી બાલાસિનોર ગોકુલનાથજી મંદિર
## બાલાસિનોર



# શ્રી ફગવા ઉત્સવ



શ્રી બાલાસિનોર દશાનીમા તથા મુંબઈમાં રહેતા સર્વે દશાનીમા વૈષ્ણવો જોગ

ઉત્સવોનો ઉત્સવ એટલે ફગવા ઉત્સવ. આ વર્ષે ફગવા ઉત્સવનું આયોજન

ઉત્સવના મનોરથી

**સ્વ. : કલાવતીબેન રમણલાલ ધારીઆ (શહેરાવાળાનો પરિવાર)**

**કાર્યક્રમ**

**ગુરૂવાર તા. ૧૦-૩-૨૦૨૨**

**કિર્તનીયા : સાંજના ૪.૩૦ કલાકથી ૬.૩૦ કલાક સુધી**

**સ્થળ : ધરીયાવાડ (મનોરથીનું નિવાસ સ્થાન)**

**રાસ-ગરબા : રાત્રીના ૮.૩૦ કલાકથી**

**સ્થળ : સીધ્ધનાથ પાર્ટી પ્લોટ, સલીયાવડી દરવાજા પાસે**

**શુક્રવાર : તા. ૧૧-૩-૨૦૨૨**

ફગવા મહોત્સવ સવારે ૯.૩૦ કલાકે શ્રી ગોકુલનાથજી મંદીરેથી શોભાયાત્રા - ફગવે પધારશે અને શ્રી ઠાકોરજીના ખેલના દર્શન અને રસિયા ગવાશે.

**નોંધ :**

**તારીખ ૧૦/૧૧/૧૨ ના સવારનો નાસ્તો, બપોરનું જમણ અને રાત્રીના ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે.**

**ભોજનનો સમય અને સ્થળ તથા અન્ય માહિતી આવતા અંકમાં જણાવવામાં આવશે.**

# SHREE BALASINOR PRAGATI SAMAJ

Balkrishna Krupa C.H.S.L, 1st floor, 45/49 Babu Genu Road, Off: Kalbadevi Road,
Mumbai-400 002, Tel: 22053476

Dt: 15th Nov 2021

ALL MEMBERS,

***NOTICE OF 53rd ANNUAL GENERAL MEETING***

Notice is hereby given that **53rd Annual General Meeting** of Shree Balasinor Pragati Samaj will be held on Monday 22 December 2021 at 6.00 pm at samaj office.

President Shri Rajul R. Parikh will preside over the Chair to transact the businesses as per the Agenda as follows:

## AGENDA

1. To Read, confirm and adopt the minutes of 52nd A.G. M of Shree Balasinor Pragati Samaj, held on Tuesday 22nd December 2020
2. To receive, consider & adopt the Managing Committee's report for the year 2020-2021
3. To receive, consider and adopt the Audited financial statements such as Balance Sheet and Income & Expenditure accounts of Shree Balasinor Pragati Samaj for the year 2020-2021
4. To appoint Auditor of the Samaj for the F.Y 2021-2022 and to fix their remuneration.
5. To consider any other matter brought forward with the permission of the Chair.

**ALL MEMBERS ARE REQUESTED TO ATTEND THE ANNUAL GENERAL MEETING WELL IN TIME**

## NOTES

1. If the meeting is adjourned for want of quorum, the same meeting will conclude after half an hour on the same day at the same venue, irrespective of quorum and transact the businesses on the Agenda.
2. Any member seeking clarification pertaining to accounts related queries and or working of the Samaj may apply to the Secretary of the Samaj only in writing on or before 10th December 2021.
3. Members are requested to carry their own copy of Annual report sent to them. Distribution of additional copies of Annual report on the eve of A.G.M at the venue is discontinued.

**SHRI MANJUL S. DHARIA / SHRI ANISH S. GANDHI / SHRI SAMIR S. SHAH**
**(HON. SECRETARIES)**

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

**સંસ્થાને આપણા સખાવતી દાતા પાસેથી દિવાળી નિમિત્તે માતબર દાન મળ્યું છે.**

| | | |
|---|---|---|
| ૧) | શ્રીમતી ભાવના યોગેશ ધારીયા | રૂા. ૩૦,૦૦૦/- |
| ૨) | શ્રી દીપેશ યોગેશ ધારીયા | રૂા. ૨૦,૦૦૦/- |
| ૩) | શ્રીમતી વસંતાબેન દેસાઈ (હૈદ્રાબાદ) | રૂા. ૨૫,૦૦૦/- |

સંસ્થા તેઓના આભારી છે.

**મંત્રી - મંજુલ ધારીયા / અનીશ ગાંધી / સમીર શાહ**

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ - મેડીકલ સેન્ટર

Radiology અને Pethology ટ્રીટમેન્ટ માટે મેડીકલ સેન્ટર દ્વારા ચેનલ પાર્ટનરો આપણા સમાજના મેમ્બરોને સ્કીમો અને ફાયદો આપે છે. તેની જાણકારી સેન્ટર ઉપરથી રૂબરૂ અથવા ટેલીફોન નંબર 23670169 તેમજ મોબાઈલ નંબર 9867991843 પરથી મેળવી શકે છે. મેડીકલ સેન્ટરમાં પૈસા જમા કરાવીને સેન્ટરની રસીદ ચેકીંગ કરાવવા આપવી જરૂરી છે. પૈસા સેન્ટર ઉપર રૂબરૂ અથવા ડીજીટલ માધ્યમનો ઉપયોગ કરીને પણ મોકલાવી શકો છો.

૧) Pathology and Radiology ના ટેસ્ટો N.M. Medical તેમજ Immaging Point દ્વારા મેળવી શકાય છે. **Payment to make :** Shree balasinor Pragati Samaj, **Bank Details :** UCO Bank, Chowpatty Branch, Mumbai, A/c. No. 00900110034156, RTGS / NEFT Code Number UCOA0000090 ઉપર જમા કરાવી શકો છો.

૨) Pathology For METROPOLISH દ્વારા મેળવવા To Pay : State Bank Of India (05800), Hughes Road Branch, A/c : 38943692849, IFSC Code : SBIN0005800.

આજની 'ઓમાઈક્રોન'ના નિર્માણથી સૌના લાભ માટે આજના ડીજીટલ અને ઈલેક્ટ્રોનીકની સગવડનું સંસ્થાના આ લાભના નિર્માણ માટે, આપણા બાલાસિનોરનાં ડૉક્ટરો અને પ્રોફેશનલ લોકોને તેમના સૂચનો અને વિગતો Mobile - 9820088069 ઉપર મોકલી શકો છો.

**શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ**

---

**ભાગ્ય લઈને આવવાનું ને
કર્મ લઈને જવાનું
બસ આ નાનકડો પ્રવાસ એટલે
આપણી જિંદગી......**


ll Jay Jay Shree Gokulesh ||

**Kinjal Parikh**
8104682589
9820815584

**Chintak Parikh**
9324310473
9819286125



**ESTATE AGENT**

*Flat/Shop/Office/Gala/Shed*

**BUY - SELL - RENT**

**Other Services**

- Housing Loan
- Loan Against Property
- Mou
- Agreement
- Registration
- Notary

Maha Rera No : A51900019245

YOUR DREAM'S OUR GOAL


## પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામા

D **જયેશ પ્રફુલચંદ્ર મોદી - બિંદુ જયેશ મોદી**
૧૨૦૩, વાસ્તુ પિનેકલ, એક્સર રોડ,
એક્સર તલાવ સામે, બોરીવલી (વે.), મુંબઈ - ૯૨
**મો. : ૯૮૨૦૧૭૧૭૬૦ / ૯૮૩૩૨૪૨૧૪૫**

## મૃત્યુ નોંધ

D અશ્વિન ચંદુલાલ કડકીઆ (વલ્લભઘેલા) (ગતાંકમાં સુધારો) ૮૦
D દેવીબેન સંજયકુમાર દેસાઈ (ગાંડા દેસાઈ) ૫૪
D પૂજા અંકિત કડકીઆ (ખીસાદાર) (U.S.A.) ૩૨


**પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**



Authorised Distributors

# POLYCAB
## WIRES & CABLES





- FR/FR-LSH-PVC INSULATED INDUSTRIAL MULTI STRAND CABLES
- PVC INSULATED INDUSTRIAL FLEXIBLE SINGLE / MULTI CORE CABLES
- 3 CORE FLAT SUBMERSIBLE CABLES / SERVICE WIRES
- HT / LT POWER AND CONTROL CABLES
- RAILWAY SIGNALLING / QUAD CABLES
- COAXIAL / TELEPHONE / LAN CABLES
- WELDING / BRAIDED CABLES
- JELLY FILLED TELEPHONE CABLES
- INSTRUMENTATION CABLES
- SPEAKER / CCTV CABLES
- RUBBER CABLES
- FIRE SURVIVAL CABLES
- LIGHTING & LUMINARIES
- SWITCHES & SWITCHGEARS
- UPVC CONDUITS & FITTINGS
- CABLE GLANDS & LUGS
- FANS & APPLIANCES

**AMRISH KACHARIA +91 9769025153**

# PRABHAT WIRES LLP

1st Floor, Govind Niwas, 99/101, Lohar Chawl, Mumbai - 400 002.
Tel.: +91 22 4972 4848 (10 Lines) • Talk Free : *7444 / *7619
Email : sales@prabhatwires.in | Website : www.prabhatwires.in

WPP License No. MR/TECH/WPP-147/South/2021-23
Regd.No.MCS / 050 / 2021-23
Posted at Mumbai Patrika Channel Sorting Office,
Mumbai - 400 001 on 20th & 21st of every month

Celebrating 45 Years

ANUKOOL selections®

BACK TO SCHOOL VIA ANUKOOL

SCHOOL UNIFORMS & ACCESSORIES
FOR ALL LEADING SCHOOLS

NAVIN PAREKH RASESH PAREKH

542, Sandhurst Bridge, Chowpatty,Mumbai - 400 007.Contact: ☎ 2361 2848 - 2369 4166, 9930635579
E: anukoolselections@gmail.com, W: www.anukoolselections.com

IES®

Celebrating 25th Year

INTEGRATED ENTERTAINMENT SOLUTIONS®
Your Indian Distribution Partner
Intelligent Pro-Lighting, Pro-Sound & AV Distribution

ROBE® AVA AVOLITES MADRIX LIGHTING CONTROL HK AUDIO

ANOLIS Lucent ASHLY lumenradio Luminex CAPTURE PENTON DJPOWER

Concept • Design • Installation • Supply • Training • Maintenance

E: iesolns@gmail.com W:www.iesolns.com. Rasesh Parekh: 9821125579

Printed, Published & Edited by Bankim Rajnikant Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh
& Printed at Lohana Hitechhu, 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli
Mumbai - 400018 & Published at 118/120, Ardeshar Dadi Street, 2nd Floor, V.P.Road, Mumbai - 400004.